# આત્મધર્મ

## વર્ષ ૨૮

## સળંગ અંક ૩૨૬

**Version History**

| Version Number | Date | Changes |
|---|---|---|
| 001 | Jan 2005 | First electronic version. |

दंसणमूलो धम्मो

# આત્મધર્મ





આત્માર્થિતા વાત્સલ્ય દેવગુરુધર્મની સેવાનો સન્દેશ આપતું માસિક

૩૨૬

## 卐 આનંદની પ્રાપ્તિનો અવસર 卐

જૈનધર્મને પામીને આનંદની પ્રાપ્તિનો આ અવસર છે. હે ભાઈ! ચારગતિનાં જે અનંત દુઃખ તમે ભોગવ્યાં તેનાથી જો છૂટવા ચાહતા હો, અને મોક્ષસુખનો અનુભવ કરવા ચાહતા હો તો જિનવરદેવે કહેલા વીતરાગ–વિજ્ઞાનનું સેવન કરો. દુઃખથી છૂટીને આનંદની પ્રાપ્તિનો આ અવસર છે.

જીવો દુઃખને ચાહતા નથી, પરંતુ દુઃખનાં કારણરૂપ મિથ્યાભાવોનું દિનરાત સેવન કરે છે, –તો એ દુઃખથી કેમ છૂટે?

અને જીવો સુખને ચાહે છે, પરંતુ સુખના કારણરૂપ વીતરાગ–વિજ્ઞાનનું એકક્ષણ પણ સેવન કરતા નથી, તો તેને સુખ ક્યાંથી થાય?

હે જીવ! સુખની પ્રાપ્તિના આ અવસરમાં તું અત્યંત ઉત્સાહથી વીતરાગ–વિજ્ઞાનનું સેવન કરજે.

* * * * *

તંત્રી : પુરુષોત્તમદાસ શિવલાલ કામદાર * સંપાદક : બ્ર. હરિલાલ જૈન

વીર સં. ૨૪૯૭ માગશર ( લવાજમ : ચાર રૂપિયા ) વર્ષ ૨૮ : અંક ૨

શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ (સૌરાષ્ટ્ર)

# આત્માનુંશાસન

**આત્માને વૈરાગ્ય પ્રેરનારું ને આરાધનાનો ઉપદેશ દેનારું શાસ્ત્ર ને આત્મ-અનુશાસન; તેના રચયિતા શ્રી ગુણભદ્રસ્વામી; સમ્યક્ત્વના મહિમાપૂર્વક તેની આરાધનાનો ઉપદેશ આપતાં ( પૃ. ૯ માં ) તેઓ કહે છે કે-**

જીવ, અજીવ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષ એ સાત તત્ત્વોનો યથાવત નિશ્ચય, આત્મામાં તેનો વાસ્તવિક પ્રતિભાસ તે જ સમ્યગ્દર્શન છે. પંડિત અને બુદ્ધિમાન મુમુક્ષુને મોક્ષસ્વરૂપ પરમ સુખસ્થાને નિર્વિઘ્ન પહોંચાડવામાં એ સર્વપ્રથમ પગથિયારૂપ છે. જ્ઞાન, ચારિત્ર અને તપ એ ત્રણે સમ્યક્ત્વ સહિત હોય તો જ મોક્ષાર્થે સફળ છે, વંદનીય છે, કાર્યગત છે; અન્યથા તે જ ( જ્ઞાન, ચારિત્ર અને તપ ) સંસારના કારણરૂપપણે જ પરિણમ્યે જાય છે. ટૂંકામાં સમ્યક્ત્વ રહિત જ્ઞાન તે જ અજ્ઞાન, સમ્યક્ત્વરહિત ચારિત્ર તે જ કષાય અને સમ્યક્ત્વ વિનાનું તપ તે જ કાયકલેશ છે. જ્ઞાન, ચારિત્ર અને તપ એ ત્રણે ગુણોને ઉજ્જવળ કરનાર એવી એ સમ્યક્શ્રદ્ધા પ્રથમ આરાધના છે. બાકીની ત્રણ આરાધના એક સમ્યક્ત્વના વિદ્યમાનપણામાં જ આરાધકભાવે પ્રવર્તે છે. એ પ્રકારે સમ્યક્ત્વનો કોઈ અકથ્ય અને અપૂર્વ મહિમા જાણી તે પવિત્ર કલ્યાણમૂર્તિરૂપ સમ્યગ્દર્શનને આ અનંત અનંત દુ:ખરૂપ એવા અનાદિ સંસારની આત્યંતિક નિવૃત્તિ અર્થે હે ભવ્યો ! તમે ભક્તિપૂર્વક અંગીકાર કરો, સમયે સમયે આરાધો. ચાર આરાધનામાં સમ્યક્ત્વ–આરાધનાને પ્રથમ કહેવાનું શું કારણ ? એવો પ્રશ્ન થતાં ૧૫ મી ગાથામાં કહે છે કે–

આત્માને મંદ કષાયરૂપ ઉપશમભાવ, શાસ્ત્રાભ્યાસરૂપ જ્ઞાન, પાપના ત્યાગરૂપ ચારિત્ર અને અનશનાદિરૂપ તપ એનું જે મહત્પણું છે તે સમ્યક્ત્વ સિવાય માત્ર પાષણબીજ સમાન છે, તે આત્માર્થરૂપ ફળ દેનાર નથી; પરંતુ જો તે જ સામગ્રી સમ્યક્ત્વસહિત હોય તો મહામણિ સમાન પૂજનિક થઈ પડે, અર્થાત્ વાસ્તવ્ય ફળદાતા અને ઉત્કૃષ્ટ મહિમાયોગ્ય થાય.

પાષાણ અને મણિ એ બંને એક પથ્થરની જાતિના છે અર્થાત્ જાતિ અપેક્ષાએ તો એ બંને એક છે, તોપણ શોભા, ઝલક આદિના વિશેષપણાને લઈને મણિનો થોડો ભાર ગ્રહણ કરે તોપણ ઘણી જ મહત્ત્વતાને પામે, પણ પાષાણનો ઘણો ભાર માત્ર તેના ઉઠાવનારને કષ્ટરૂપ જ થાય છે; તેવી જ રીતે મિથ્યાત્વક્રિયા અને સમ્યક્ત્વક્રિયા એ બંને ક્રિયા અપેક્ષાએ તો એક જ છે; તથાપિ અભિપ્રાયના સત્–અસત્પણાના તથા વસ્તુના ભાન–બેભાનપણાના કારણને લઈને મિથ્યાત્વસહિત ક્રિયાનો ઘણો ભાર વહન કરે તોપણ તે વાસ્તવ્ય મહિમાને કે આત્મલાભને પામે નહિ, પરંતુ સમ્યક્ત્વસહિત અલ્પ ક્રિયા પણ યથાર્થ 'આત્મલાભદાતા' અને અતિ મહિમાયોગ્ય થાય. માટે સમ્યક્ત્વઆરાધના પ્રધાન છે, ને તે પ્રથમ કર્તવ્ય છે.

વાર્ષિક
લવાજમ
ચાર રૂપિયા

दंसण मूलो धम्मो
આત્મધર્મ
આત્માર્થીતા
વાત્સલ્ય
દેવગુરુધર્મની સેવા

વીર સં. ૨૪૯૭
માગશર
1970 **DEC**.

* વર્ષ ૨૮ : અંક ૨ *

## મંગલ-સુપ્રભાતે-

# આત્મિક ઋદ્ધિ-બુદ્ધિ અને બળની ભાવના

**નિજ સ્વભાવની ઋદ્ધિ પ્રાપ્ત થજો,**
**સ્વસંવેદનની ઉત્તમ બુદ્ધિ હજો,**
**આત્માના શ્રદ્ધા-જ્ઞાનનું અનંત બળ હજો.**

**દીવાળીના દિવસોમાં ગુરુદેવે કહ્યું કે આત્મા જ્ઞાન-આનંદની ઋદ્ધિથી ભરેલો છે; આત્માના આનંદ વગેરે નિજ વૈભવને ભૂલીને અજ્ઞાની જીવો બાહ્ય વૈભવની, ધનની, શરીરના બળની ભાવના ભાવે છે, એ રીતે દીવાળીને જ દિવસે બાહ્યભાવના વડે અજ્ઞાની પોતાના ભાવને બગાડે છે, તેને બદલે દીવાળીના દિવસમાં તો આત્માના સ્વભાવની ભાવના ભાવવી જોઈએ કે મારા સ્વભાવની અનંત આનંદ વગેરે ચેતન્યઋદ્ધિ મને પ્રાપ્ત હો; આત્માના સ્વસંવેદન માટેની ઉત્તમ બુદ્ધિ મને પ્રગટો, અને વીતરાગી શ્રદ્ધા-જ્ઞાન-આનંદથી ભરપૂર અનંત આત્મબળ મને પ્રગટો. -આમ પોતાના સ્વભાવની ભાવના કરીને પરિણતિને અંતરમાં વાળે તો સાચી દીવાળી પ્રગટે....ને અપૂર્વ ચૈતન્યઋદ્ધિનો લાભ મળે. સ્વભાવની ભાવનાથી અનંત ચતુષ્ટય પ્રગટ કરીને આત્મા ઝળકી ઊઠે તે મંગલ સુપ્રભાત છે,**

# * ભાવશુદ્ધી એ જ ભગવાનની આજ્ઞા.......એ જ મંગળ દિવાળી *

( આસો વદ અમાસ ) ( મંગલ દીપાવલી-પ્રવચન ) ( વીર સં : ૨૪૯૭ )

તીર્થંકર ભગવંતોની આજ્ઞા છે કે તું સ્વદ્રવ્યને જાણીને તેનો જ આશ્રય કર. સાચી કમાણીનું સ્થાન તારા આત્મામાં છે, તેના અનુભવ વડે આત્માનો અનંત વૈભવ પ્રાપ્ત કરીને અપૂર્વ આનંદની કમાણી કર. સૌથી મોટો એવો પોતાનો દ્રવ્યસ્વભાવ, તેનો જેણે આશ્રય લીધો તેને હવે કોઈ ચિંતા ન રહી; સ્વદ્રવ્યના આશ્રયે તે આનંદથી મોક્ષને સાધશે.

ભગવાન મહાવીર પરમાત્મા આજના પરોઢિયે સિદ્ધપદ પામ્યા; આત્મામાં શક્તિપણે સિદ્ધપદ હતું તે આજે પર્યાયરૂપે પ્રગટયું. તેમ દરેક આત્મામાં શક્તિપણે સિદ્ધપદ છે; તેનું ભાન કરીને તેમાં એકાગ્ર થતાં પર્યાય પણ તેવી પ્રગટ થાય છે. તેને સ્વકાળ કહો, કે જ્ઞાન-આનંદમય દીવાળી કહો. એવા સ્વભાવની ભાવનાનો આ દિવસ છે.

અહીં ભાવપ્રાભૃતની ૮૮ મી ગાથામાં તે 'જિનભાવના' ભાવવાનું કહે છે, जिनभावना કહો કે પોતાના એકરૂપ અભેદસ્વભાવની ભાવના કહો. સ્વદ્રવ્ય-સ્વક્ષેત્ર-સ્વકાળ ને સ્વભાવ, -એવા ચાર ભેદના વિકલ્પ પણ જેમાં નથી, એવું સહજ ચૈતન્યસ્વરૂપ છે તે સ્વાનુભવગમ્ય છે. આવા સ્વભાવને શ્રદ્ધા-જ્ઞાનમાં ધ્યેય બનાવવો તેનું નામ જિનભાવના છે. જેવા સ્વરૂપે આત્માને ધ્યાવે તેવા સ્વરૂપે તે પરિણમે; એટલે જિનભાવના વડે આત્માને શુદ્ધસ્વરૂપે ધ્યાવતાં આત્મા શુદ્ધતારૂપ પરિણમે છે.

આખી એક વસ્તુને દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવના ભેદ પાડીને લક્ષમાં લેવા જાય તો રાગના વિકલ્પ થાય છે, ને શુદ્ધ-બુદ્ધ-એક સ્વભાવ અનુભવમાં આવતો નથી: ઉપયોગને અંતરમાં વાળીને અનુભવ કરવો તે જિનભાવના છે. આવી ઉત્કૃષ્ટ જિનભાવના વડે અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાન થાય છે. જેમ હિંસાની અશુદ્ધભાવના વડે તંદુલિયો મચ્છ મરીને સાતમી નરકે ગયો; તેમ જ્ઞાનમય સમ્યક્‌જિનભાવના વડે જીવ ક્ષણમાં કેવળજ્ઞાન પામે છે. આ રીતે જીવના ભાવનું ફળ જાણીને હે જીવ! તું જિનભાવના ભાવ, ને અશુદ્ધભાવોની ભાવના છોડ. ત્રિકાળસ્વભાવની ભાવના વડે જ શુદ્ધભાવના થાય છે, તે જ જિનભાવના છે, તે જ મોક્ષનું કારણ છે; તે જ વીતરાગ પુરુષોએ કહેલો મૂળ ધર્મ છે. હે જીવ ! આવા મૂળ ધર્મને સમજીને તેની તું ઉપાસના કર.

આત્મા પોતે અનંત આનંદનો નાથ, પોતામાં બિરાજી રહ્યો છે, તેને જ ધ્યેય બનાવતાં સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ ધર્મ થાય છે. જેમ મોટાના આશ્રયે બેઠેલાને ચિંતા રહેતી નથી. તેમ હે સર્વજ્ઞ પરમાત્મા! મેં તમને ઓળખીને તમારો આશ્રય લીધો, એટલે કે અંતરમાં આપે કહેલા મારા સ્વભાવનો આશ્રય લીધો ત્યાં હવે અમને કોઈ ચિંતા નથી, ભવનો હવે અભાવ થયો, સિદ્ધપદ તો અમારા સ્વભાવમાં ભર્યું છે;–ને એવા મોટા સ્વભાવને અનુભવમાં લીધો તો હવે કોઈ ચિંતા ક્યાં રહી? જે મેળવવાનું હતું તે તો અમારા સ્વભાવમાં જ છે, –પછી ચિન્તા શેની? અને જ્યાં આવો મોટો સ્વભાવ પોતામાં દેખીને તેનો આશ્રય લીધો ત્યાં પરને, રાગને ને નાની એવી ક્ષણિક પર્યાયની સામે કોણ જુએ? –તેનો આશ્રય કોણ લ્યે? ભાઈ, બહારના જડવૈભવમાં તો તારું કાંઈ નથી; તારો અનંત આત્મવૈભવ તારામાં જ છે. તેને તું જાણ...તેનો અનુભવ કરીને અપૂર્વ આનંદની કમાણી કર. અરે જીવ! તને કમાણી કરતાં આવડતી નથી. ખરી કમાણીનું સ્થાન તો તારા આત્મામાં છે. બહારમાં કાંઈ કમાણી નથી, તેમાં તો અશુદ્ધભાવને લીધે નુકશાન છે, દુઃખ છે, ખોટનો ધંધો છે. સાચી કમાણીનો ધંધો તો એ છે કે ઉપયોગના વેપારને પોતાના આત્મસ્વભાવમાં જોડવો, –તેમાં અનંત આનંદના વૈભવની કમાણીનો અપૂર્વ લાભ છે.

આચાર્યભગવાન કહે છે કે હે ભાઈ! તું આત્મામાં સમ્યક્ત્વાદિ ભાવશુદ્ધિ પ્રગટ કર. ભાવશુદ્ધિ થતાં સ્વ–પરનું સાચું જ્ઞાન થાય છે; દ્રવ્ય–ગુણ–પર્યાયનું કે દેવ–ગુરુ–શાસ્ત્રનું સાચું જ્ઞાન શુદ્ધભાવ વડે જ થાય છે. અશુભ કે શુભરાગનો ભાવ તે તો મલિન–અશુદ્ધભાવ છે, તેના વડે કાંઈ સાચું સ્વરૂપ ઓળખાતું નથી. પોતાના સ્વરૂપની સામે જુએ ત્યારે પોતાનું સાચું જ્ઞાન થાય, અને ભગવાનની સાચી ઓળખાણ પણ ત્યારે જ થાય. પોતાની સામે જોયા વગર ભગવાનની પણ સાચી ઓળખાણ થાય નહીં. ભગવાનની આજ્ઞા એવી છે કે હે જીવ! તું અમારી સામે નહિ પણ તારા સ્વભાવની સામે જો...તારા સ્વભાવનો આશ્રય લે ત્યારે જ તને અમારી ઓળખાણ થશે.....ને ત્યારે જ અમારી આજ્ઞાનું ખરૂં પાલન થશે.

મહાવીર ભગવાન પોતે આવા સ્વભાવના આશ્રયવડે મોક્ષ પામ્યા...ને એવી જ આજ્ઞા તેમણે કરી ભગવાને એમ નથી કહ્યું કે તું પરનો આશ્રય કરજે! ભગવાને તો એમ કહ્યું છે કે તું સ્વદ્રવ્યનો આશ્રય કરજે ને પરનો આશ્રય છોડજે; કેમકે સ્વદ્રવ્યના જ આશ્રયે મોક્ષ છે, ને પરદ્રવ્યના આશ્રયે સંસાર છે. –આવો સ્વદ્રવ્યના આશ્રયરૂપ તીર્થંકરોનો માર્ગ છે.

# જ્ઞાનપ્રકાશથી ખીલેલું આનંદમય સુપ્રભાત

( કારતક સુદ એકમના પ્રવચનમાંથી )

*****

'તમારું નવું વર્ષ સુખી નીવડો. ' –કેટલો કાળ? –સાદિ અનંતકાળ આનંદરૂપ રહો. અનંત જ્ઞાન–દર્શન–સુખ–વીર્ય એવા ચતુષ્ટયરૂપી જે મંગલપ્રભાત આત્મામાં ખીલ્યું તે સદાકાળ રહેનારું સુપ્રભાત છે. નૂતન વર્ષના મંગલપ્રભાતની સર્વોત્તમ બોણીરૂપે ગુરુદેવ જગતની સર્વોત્તમ વસ્તુ એવો અનંત ચતુષ્ટયથી ભરેલો આત્મા બતાવે છે. શક્તિપણે તારા આત્મામાં સ્વભાવચતુષ્ટય વિદ્યમાન છે, તેની સન્મુખતાવડે સમ્યગ્દર્શનાદિ સુપ્રભાત ઊગે છે ને તેના ફળમાં કેવળજ્ઞાનાદિ અનંત ચતુષ્ટય પ્રગટ થાય છે. અહો, જે આત્મામાં આવો આનંદમય ચૈતન્યસૂર્ય ઝગઝગાટ કરતો ઊગ્યો તે પ્રાતઃસ્મરણીય છે.

*****

પોતાના જ્ઞાનસ્વભાવરૂપ નિજભૂમિકાનો આશ્રય લઈને જે જીવ આત્માનો અનુભવ કરે છે તેને અનંતચતુષ્ટય ખીલે છે એટલે જ્ઞાનપ્રકાશથી ભરેલું આનંદમય સુપ્રભાત તેને પ્રકાશે છે. આ જ્ઞાનપ્રકાશ ચૈતન્યતેજથી ઝગઝગાટ કરે છે. અહો! આવા અનંતચતુષ્ટયસ્વરૂપે આત્મા પ્રગટે તે જ અપૂર્વ સુપ્રભાત છે. અનંત દર્શન-જ્ઞાન-આનંદ-વીર્યરૂપ ચતુષ્ટયથી તે ભરેલું છે.

શક્તિસ્વભાવે આત્મા અનંતચતુષ્ટયથી સદા ભરેલો જ છે; સ્વરૂપ-પ્રત્યક્ષ એવો તેનો સ્વભાવ છે. આવ સ્વરૂપમાં અંતર્મુખ થઈને નિર્વિકલ્પ ભાવથી પોતે પોતાને પ્રત્યક્ષ અનુભવે ત્યારે તે ચતુષ્ટય પ્રગટ થાય છે. આવા ચતુષ્ટયનો સ્વામી આત્મા છે તે ધર્મચક્રવર્તી છે; ચાર ગતિનો અંત કરીને અનંત ચતુષ્ટયને પ્રાપ્ત કરે એવી તેની તાકાત છે, અને તે જ આત્માનું સાચું સામ્રાજ્ય છે.

લૌકિક સુપ્રભાત તો સવારે ઊગે ને સાંજે પાછું અસ્ત થઈ જાય, પણ આ ચૈતન્યના કેવળજ્ઞાનાદિ ચતુષ્ટયરૂપ જે આનંદમય સુપ્રભાત ખીલ્યું તે તો એવું ખીલ્યું

કે કદી અસ્ત ન થાય, સાદિ–અનંત પ્રકાશમાન રહે એવું આ સુપ્રભાત છે. જેમને આવું સુપ્રભાત ખીલ્યું તેઓ બીજાને માટે પણ પ્રાતઃસ્મરણીય છે. આવા મંગલસુપ્રભાતનું વર્ણન સમયસાર કળશ ૨૬૮ માં કર્યું છે.

ચૈતન્યભૂમિકાના આશ્રયથી, એટલે કે પરભાવોથી ભિન્ન એવા જ્ઞાનસ્વરૂપ આત્માના અનુભવથી અનંતચતુષ્ટય સહિત આત્મા ખીલી ઊઠયો....પહેલાં જ્ઞાનાદિ સંકુચિત હતા તે હવે કેવળજ્ઞાનાદિરૂપે ખીલી ગયા. તે આત્મા પોતે જ શુદ્ધપ્રકાશથી ભરપૂર સુપ્રભાત છે, સદાય આનંદમાં જ સુસ્થિત છે. જેમ મંગલદિવસે વાજાં વગાડે છે તેમ આ આત્મા આનંદનાં વાજાં વગાડતો થકો પોતે જ સુપ્રભાત–મંગલરૂપે ખીલી ઊઠયો. પોતાના જ્ઞાન–આનંદમાં સદાય અચળ રહેવારૂપ અનંત વીર્ય છે, ક્ષાયિક જ્ઞાન–દર્શનરૂપ શુદ્ધ ચૈતન્યપ્રકાશ છે, ને અતીન્દ્રિય આનંદ છે. –આવું આત્માનું સુપ્રભાત છે. સુપ્રભાતમાં તો આવા આત્માની ભાવના કરવા જેવી છે. બહારની ભાવના તો અનંતકાળથી કરી, તેમાં કાંઈ નવું નથી; આવા સ્વભાવ–ચતુષ્ટયથી ભરેલા આત્માની સન્મુખ થઈને તેની ભાવના કરતાં અપૂર્વ જ્ઞાન–આનંદસહિત નવું વર્ષ બેસે છે ને મંગલપ્રભાત ઊગે છે. ત્યાં અજ્ઞાનના અંધારાં ટળી જાય છે.

જ્ઞાન અને આનંદની અનંત લક્ષ્મી આત્મામાં ભરપૂર છે, જ્ઞાન–આનંદનો તે અખૂટ નિધાન છે. બહારના નિધાન આત્માનાં નથી તેમ જ તેનો સંયોગ કાયમ ટકતો નથી. જે આત્માનાં છે અને જે આત્મા સાથે કાયમ ટકનારાં છે એવા જ્ઞાન–આનંદમય અનંત નિધાન આત્મામાં છે. આવા નિજનિધાનને સ્વાનુભવ વડે પ્રગટ કરતો આત્મા અનંતચતુષ્ટયના સુપ્રભાતથી ઝળકી ઊઠે છે. આવા ચતુષ્ટયસહિત મોક્ષદશા ભગવાને પ્રગટ કરી, તેઓ મુક્તિસુંદરીના નાથ બન્યા; અને દરેક આત્મા સ્વભાવચતુષ્ટયથી ભરેલો હોવાથી મુક્તિસુંદરીનો નાથ છે; આવા આત્માને ભાવવો; અનુભવવો.

નિયમસાર ગાથા ૧૨માં શક્તિરૂપ ચતુષ્ટય દરેક આત્મામાં ત્રિકાળ છે તે બતાવ્યું છે; તેમાં કહે છે કે –કેવા આત્માને ભાવવો ? –કે જેનો બીજો કોઈ નાથ નથી, ને જે પોતે મુક્તિસુંદરીનો નાથ છે, તથા સ્વભાવચતુષ્ટયથી સહિત–સનાથ છે, એવા આત્માને ભાવવો; તેના અનુભવવડે અનંતચતુષ્ટયરૂપી સુપ્રભાત ખીલી જાય છે. કેવળજ્ઞાનરૂપી આ સુપ્રભાત જગતને મંગળરૂપ છે અને વંદનીય છે.

(૧) આત્મા સદાય સહજ પરમ વીતરાગ સુખામૃતથી ભરેલો છે;

(૨) અપ્રતિહત નિરાવરણ પરમ ચિત્શક્તિ સ્વરૂપ છે;

(૩) સદા અંતર્મુખ નિજસ્વરૂપમાં અવિચળ સ્થિતિરૂપ સહજ પરમ ચારિત્ર આત્મામાં ત્રિકાળ છે, અને

(૪) ત્રણેકાળ અવિચ્છિન્ન હોવાથી સદા નિકટ પરમ ચૈતન્યની શ્રદ્ધા સહિત છે;

–આ રીતે આત્મા સ્વભાવ–અનંતચતુષ્ટયથી સહિત છે, –સનાથ છે, એટલે તે મુક્તિસુંદરીનો નાથ છે. મોક્ષરૂપી જે સુંદર પરિણતિ તેનો સ્વામી આત્મા પોતે છે; આવા આત્માને સદાય ભાવવો, તેની સન્મુખ એકાગ્ર થવું.

શક્તિરૂપ સ્વભાવચતુષ્ટયનો સ્વીકાર કરતાં પર્યાયમાં પણ કેવળજ્ઞાનાદિ અનંતચતુષ્ટય ખીલે છે. શક્તિ ત્રિકાળ છે પણ તેનો સ્વીકાર કરનારી તો નિર્મળ પર્યાય છે. આત્માને ભૂલીને પરનો આશ્રય શોધનારી પર્યાય તો અનાથ હતી; પોતાનો સાચો નાથ એવો ચૈતન્યસ્વભાવ તેને પ્રાપ્ત થયો ન હતો; પણ જ્યાં તે પર્યાય અંતરમાં વળી ત્યાં તેણે પોતાના નાથ એવા ચૈતન્યસ્વભાવને પોતામાં જ દેખ્યો, તે સનાથ થઈ. સ્વભાવના આશ્રયે પ્રગટેલી જે શુદ્ધ ચતુષ્ટયપરિણતિ તેનો નાથ આત્મા પોતે છે, તે સનાથ છે. હે ભવ્ય! તારે તારા આત્મામાં આનંદમય મંગલ પ્રભાત ઉગાડવું હોય તો તારા આત્માના સ્વભાવને જ પોતાનો નાથ બનાવીને તેનો આશ્રય લે.

લોકો એમ માને છે કે આ જીવડો એવો છે કે એને બહારની ઉપાધિ વગર હાલતું નથી. પણ ભગવાન તો કહે છે કે અરે ભાઈ! તારો જીવડો તો અનંત આનંદનો ભંડાર છે, અનંત જ્ઞાન–આનંદથી ભરપૂર જીવડો છે, તેનું ભાન કરતાં જ્ઞાનનો દીવડો પ્રગટે છે, ચૈતન્યનો પ્રકાશ ઊગે છે; તે જ આત્માની દીવાળી અને સુપ્રભાત છે.

અનંત જ્ઞાન–દર્શન–આનંદ–વીર્યરૂપ સ્વ–રાજ જેમાં પ્રાપ્ત થાય તે જ આત્માનું સુખ–સામ્રાજ્ય છે. નવું વર્ષ સુખી નિવડો એમ ભાવના ભાવે છે, તેને બદલે અંદરમાં અનંત ચતુષ્ટયથી ભરેલા આત્માની ભાવના કરતાં સાદિઅનંત સુખ પ્રગટે છે, તેને આત્મામાં શાશ્વત સુખનું નવું વર્ષ બેઠું; તેને આનંદમય ચૈતન્યસૂર્ય ઝગઝગાટ કરતો ઊગ્યો, આનંદના વાજાં વગાડતું મંગલ પ્રભાત ઊગ્યું. તે આત્મા સવારના પહોરમાં સ્મરણ કરવા યોગ્ય પ્રાતઃસ્મરણીય છે.

# જેનાથી મોક્ષલાભ થાય તે જ આત્મિક ધર્મ

**હે ભાઈ! પુણ્ય-પાપ વગરનો શુદ્ધચેતનારૂપ આત્મા,-જેને જાણવાથી મોક્ષની પ્રાપ્તિ થાય, તે આત્માને તું પ્રયત્ન વડે જાણીને તેમાં વસ, તો મોક્ષનગરીમાં તારું વાસ્તુ થશે, ને અપૂર્વ મંગલ પ્રગટશે.**

*****

(સોનગઢમાં આસો વદ ૧૪ના રોજ દામનગરવાળા ભાઈશ્રી દામોદરદાસ હંસરાજના મકાનના વાસ્તુપ્રસંગે પ્રવચનમાંથી. (ભાવપાહુડ) ગા. ૮૬)

આત્માના જન્મ–મરણના આરા કેમ આવે ને તેને સુખ કેમ થાય? તેની આ વાત છે. પોતાના શુદ્ધઆત્માને ભૂલીને અનાદિથી બાહ્યભાવવડે રાગાદિને ધ્યેય બનાવીને જીવ જન્મમરણમાં રખડે છે; પુણ્ય–પાપના ભાવોથી પાર એવો જે ચૈતન્યભાવ તે આત્મિકધર્મ છે; આત્માને ધ્યેય બનાવીને આવા આત્મિકધર્મવડે જીવને સુખનો અનુભવ થાય છે એટલે કે મોક્ષ થાય છે.

જે પોતાના આત્માને ઇષ્ટ કરતો નથી, તેની ઓળખાણ કરતો નથી, ને પુણ્યને તથા તેનાં ફળને ઇષ્ટ સમજીને તેના રાગમાં જ લાગ્યો રહે છે તે જીવ સિદ્ધિને પામતો નથી પણ સંસારમાં જ રખડે છે. સમસ્ત રાગથી પાર એવી શુદ્ધચેતના તે આત્માનો ધર્મ છે. આવા આત્મિકધર્મને ધાર્યા વગર સર્વ પ્રકારનાં પુણ્ય કરે તોપણ તેનું ફળ સંસાર છે, તે સ્વર્ગમાં જાય પણ મોક્ષ ન પામે. પુણ્યની રુચિવાળો તે જીવ બાહ્ય ભોગ–સામગ્રીમાં લીન થઈને સંસારમાં જ રખડે છે. ભાઈ! રાગના ફળમાં સુખ ક્યાંથી હોય? રાગ કાંઈ તારો આત્મિકધર્મ નથી. રાગ તો પરભાવ છે. જિનશાસનમાં શુભરાગને પણ આત્માનો ધર્મ નથી કહ્યો, તેને પુણ્ય કહ્યું છે ને તેનું ફળ સંસાર કહ્યું છે. મોક્ષ તો આત્માના શુદ્ધ નિર્મોહ વીતરાગ પરિણામ વડે જ થાય છે; ને તે પરિણામ આત્માના સ્વભાવના આશ્રયે થતા હોવાથી આત્માનો ધર્મ છે. પુણ્ય કાંઈ આત્માના સ્વભાવના આશ્રયે થતા નથી, તે તો પરાશ્રિત વિભાવ છે.

શાંતમૂર્તિ ચેતનસ્વભાવના જ્ઞાન સિવાય જીવ સંસારમાં બીજું બધું કરી ચુક્યોઃ ત્યાગી પણ થયો, શુભક્રિયાઓ પણ કરી, પણ તેનાથી પાર વિકલ્પાતીત આનંદસ્વરૂપ નિધાન પોતામાં ભર્યાં છે–તે લક્ષમાં ન લીધું. હવે હે ભાઈ! વીતરાગી દેવ–ગુરુ–શાસ્ત્ર કહે છે તે વાત લક્ષમાં લઈને સ્વાનુભવગમ્ય કર.....અંદર તને આનંદ–રસના સ્વાદના ઘૂંટડા આવશે. આત્મામાં જ્ઞાનદીવડા પ્રગટાવીને આવા નિર્વિકલ્પ આનંદ–રસનાં ભોજન લેવા–તે ખરી દીવાળી છે. આચાર્યદેવ મોક્ષને સાધવા માટે આત્માને જાણવાનો ઉપદેશ આપે છે કે–

एएण कारणेण य तं अप्पा सद्दहेह तिविहेण।
जेण य लभेह मोक्खं तं जाणिज्जह पयत्तेण।।८७।।

**તે કારણે હે ભવ્ય! જાણો યત્નથી નિજ-આત્મને,**
**ત્રિવિધે કરો એની જ શ્રદ્ધા, મોક્ષ-પ્રાપ્તિ કારણે. ૮૭**

હે ભવ્ય જીવ! પુણ્ય–પાપ રહિત શુદ્ધચેતનારૂપ એવા તે આત્માને તમે પ્રયત્નપૂર્વક જાણો અને ત્રિવિધે તેની શ્રદ્ધા કરો કે જેથી તમે મોક્ષને પામશો.

આત્માને ભૂલીને બહારનાં બીજાં જાણપણા એ કાંઈ મોક્ષનું કારણ નથી, મોક્ષને માટે તો હે જીવ! તું સર્વપ્રકારે ઉદ્યમ કરીને આત્માને જાણ અને તેની શ્રદ્ધા કર.

**લાખ બાતકી બાત યહૈ નિશ્ચય ઉર લાવો,**
**તોડી સકલ જગ-દ્વંદ-ફંદ નિજ આતમ ધ્યાવો.**

આત્માનો સ્વભાવ રાગરૂપ નથી એટલે રાગ વડે તેની પ્રાપ્તિ થતી નથી. આત્માનો સ્વભાવ મોક્ષ છે, (મોક્ષ કહ્યો નિજશુદ્ધતા) –તેની પ્રાપ્તિ આત્માના શ્રદ્ધા–જ્ઞાન–અનુભવ વડે જ થાય છે.

જુઓ, આ મોક્ષને પામવાની રીત! મોક્ષ એટલે આત્માનો સ્વભાવ ધર્મ; જે ભાવથી મોક્ષ પમાય તે જ આત્મિકધર્મ; પુણ્ય અને પાપ એ તો બંને સંસારનું જ કારણ છે. માટે આચાર્યદેવ કહે છે કે હે ભાઈ! આવા આત્માને પ્રયત્નવડે જાણીને તેમાં વસ તો મોક્ષનગરીમાં તારું વાસ્તુ થશે ને અપૂર્વ મંગળ પ્રગટશે.

# હે જીવ! આનંદથી ભરેલા સ્વઘરમાં વસ

**ગુરુદેવે ભાઈબીજના દિવસે ભાવશુદ્ધિનો ઉપદેશ આપતાં કહ્યું કે હે ભાઈ! તું ચૈતન્યતત્ત્વનો પ્રેમ કર, તેના રસમાં ઉત્સાહ લાવ. બાહ્ય વિષયો અને બાહ્યભાવો સંસારનું કારણ છે તેનો રસ છોડીને આનંદધામ એવા આત્મામાં વસ......આનંદના ઘરમાં વાસ્તુ કર. ઇન્દ્રિયમાં કે રાગમાં તારો વાસ નથી, આનંદથી ભરેલા અતીન્દ્રિયસ્વભાવમાં જ તારો વાસ છે.**

(સોનગઢમાં ભાઈશ્રી પ્રભુદાસ તારાચંદ કામદારના મકાનના વાસ્તુપ્રસંગે અષ્ટપ્રાભૃત ગા. ૯૦ના પ્રવચનમાંથી વીર સં. ૨૪૯૭ કા. સુદ બીજ)

* * * * *

સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપી ભાવશુદ્ધિ તે મોક્ષનું કારણ છે, તેનો ઉપદેશ આપે છે. હે જીવ! પ્રથમ તું ભાવશુદ્ધિ કર; ભાવશુદ્ધિ વગરની ક્રિયાઓ તો જનરંજન માટે છે, તેમાં આત્માનું કાંઈ હિત નથી.

આત્મા પાંચ ઇન્દ્રિયોથી પાર છે, મનના સંકલ્પ–વિકલ્પોથી પણ પાર છે, પાંચ ઇન્દ્રિયોથી ને મનના વિષયોથી પણ ભિન્ન એવા જ્ઞાનાનંદ સ્વરૂપ આત્માના અનુભવ વડે ભાવશુદ્ધિ થાય છે. એવી ભાવશુદ્ધિ વગરના જીવો દુઃખના જ પંથમાં પડેલા છે. સુખના પંથ જેને અંતરમાં હાથ આવ્યા છે એવા ધર્મીજીવને આત્માના સમ્યક્ ચેતન સ્વભાવ સિવાય જગતમાં ક્યાંય રુચિ રહેતી નથી. હું તો આત્મા છું, મારું જ્ઞાન છે; મારા જ્ઞાન–આનંદની સાથે હું છું, સંયોગની સાથે હું નથી, –આવી ભાવનાવાળો જીવ હિતના પંથમાં પડેલો છે. ચૈતન્યની ભાવના વડે તેને જ્ઞાન અને આનંદના કિરણોવાળું સુપ્રભાત ખીલે છે.

ભાઈ, તું ચૈતન્યતત્ત્વનો પ્રેમ કર, તેના રસમાં ઉત્સાહ લાવ, બહારના પદાર્થોમાં ને બહારના ભાવોમાં રસ તે તો ચારગતિરૂપ સંસારનું કારણ છે. આનંદધામ–આનંદનું

ઘર તો આત્મા છે, તેનો પ્રેમ લાવીને તેમાં વાસ કર. અતીન્દ્રિય આનંદનો સ્વાદ લઈને ઇંદ્રિયસેનાને તું તોડી નાંખ. ઇન્દ્રિયો તરફની એકતાબુદ્ધિ છોડીને અતીન્દ્રિય સ્વભાવમાં તું ઝંપલાવ. તારો વાસ ઇંદ્રિયોમાં નથી, રાગમાંય તારો વાસ નથી. આનંદથી ભરેલા અતીન્દ્રિયસ્વભાવમાં જ તારો વાસ છે. ઇન્દ્રિયોથી ભિન્ન એવા ચિદાનંદસ્વભાવને અનુભવમાં લ્યે ત્યારે જ ઇન્દ્રિયવિષયોને જીતી શકાય.

ઇન્દ્રિયોથી હું જાણું–એમ જે માને તે ઇંદ્રિયોને ક્યાંથી જીતી શકે? ઇન્દ્રિયોથી જાણનારો હું નહીં. ઇન્દ્રિયો વડે જણાય એવું મારું સ્વરૂપ નથી, ઇન્દ્રિયો મારા જ્ઞાનનું સાધન પણ નથી;–ઇન્દ્રિયોથી પાર અતીન્દ્રિય સ્વસંવેદનગમ્ય આત્મા હું છું –એમ ધર્મી અનુભવ કરે છે.

અતીન્દ્રિય આનંદનું ધામ એવો આત્મા તે જ સ્વઘર છે. તેમાં વસીને જેણે ભાવશુદ્ધિ કરી તેણે નિજઘરમાં સાચું વાસ્તુ કર્યું. અજ્ઞાની તો ઇન્દ્રિયના શુભ–અશુભ વિષયોમાં જ વર્તે છે, એટલે તે આત્માને વશ નથી પણ ઇન્દ્રિયોને વશ છે, તથા તેનું મન પરભાવોમાં ચંચળ વર્તે છે. હે જીવ! ચંચળ મનરૂપી માંકડાને વશ કરવા તું તારા સ્વઘરમાં ભરેલા આનંદનિધાનને જો. આવા આત્માના ભાન વગરના બાહ્ય વ્રતાદિક વડે તો માત્ર જનરંજન થશે, તેમાં આત્મરંજન નહીં થાય, આત્મા તે રાગવડે પ્રસન્ન નહિ થાય. ભાવશુદ્ધિ વિના બાહ્યભેષ દિગંબરપણું કે શુભરાગરૂપ વ્રતાદિક એ કોઈ જીવને પરમાર્થસિદ્ધિનું કારણ નથી, તે તો સંસારનું જ કારણ છે.

બહારમાં ધનના ઢગલા હોય કે શુભરાગના ઢગલા કરે પણ જેમાં આત્માના આનંદની પ્રાપ્તિ નથી તેનાથી આત્માને શું લાભ? ભાઈ! તને દુઃખરૂપ એવા બધા કષાયભાવોથી ભિન્ન ઉપયોગસ્વરૂપ આત્માને લક્ષગત કર, ને તે મિથ્યાત્વ તથા કષાયોને છોડ.

ધર્મીને રાગથી ભિન્ન ચિદાનંદસ્વરૂપનું ભાન તો થયું છે, પછી પણ જે અશુભ કે શુભરાગ છે તે છોડવાયોગ્ય છે, કષાયનાં કણીયાને હે જીવ! તું છોડ. સમ્યગ્દર્શન પછી પણ જિનપ્રતિમા, જિનાગમ, નિર્ગ્રંથગુરુ વગેરે સંબંધી શુભરાગ ધર્મીને આવે છે, શુભરાગ વખતે જિનાજ્ઞા અનુસાર જિનભક્તિ, શ્રુતભક્તિ, ગુરુભક્તિ વગેરે ભાવ હોય છે, પણ આત્માના મોક્ષનું કારણ તો અંદરમાં ભાવશુદ્ધિરૂપી વીતરાગભાવ જ છે. માટે હે જીવ! તું ભાવશુદ્ધિ પ્રગટ કર. ખરી જિનાજ્ઞા તો સ્વભાવના આશ્રયે

સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ ભાવશુદ્ધિ પ્રગટ કરવી તે જ છે. –એ જ અપૂર્વ મંગળ છે, તે જ આત્માને આનંદ દેનાર છે, ને તે જ મોક્ષનું કારણ છે. માટે હે જીવ! તું સમ્યક્ પ્રકારે ભાવશુદ્ધિ કર.

હે ભવ્ય! તું ભાવશ્રુતજ્ઞાનરૂપી અમૃતનું પાન કર. સમ્યક્ શ્રુતજ્ઞાનવડે આત્માનો અનુભવ કરીને નિર્વિકલ્પ આનંદરસને પી, જેથી તારી અનાદિની મોહતૃષાનો દાહ મટી જાય. ચૈતન્યરસના પ્યાલા તેં કદી પીધાં નથી, અજ્ઞાનથી તેં ઝેરના પ્યાલા પીધાં છે. ભાઈ! હવે તો વીતરાગનાં વચનામૃત પામીને તારા આત્માના ચેતનરસનું પાન કર; જેથી તારી આકુળતા મટીને સિદ્ધપદની પ્રાપ્તિ થાય. આત્માને ભૂલીને બાહ્ય ભાવોનો અનુભવ તે તો ઝેરનાં પાન જેવો છે, ભલે શુભરાગ હો તેના સ્વાદમાં પણ કાંઈ અમૃત નથી પણ ઝેર છે. માટે તેનાથી ભિન્ન જ્ઞાનાનંદસ્વરૂપ આત્માને શ્રદ્ધામાં લઈને તેના સ્વાનુભવરૂપી અમૃતનું પાન કર. અહા! શ્રીગુરુ વત્સલતાથી ચૈતન્યના પ્રેમરસનો પ્યાલો પીવડાવે છે. વીતરાગની વાણી આત્માનો પરમશાંતરસ દેખાડનારી છે. આવા શાંત વીતરાગી ચૈતન્યરસનો અનુભવ તે ભાવશુદ્ધિ છે. તેના વડે જ ત્રણલોકમાં સૌથી ઉત્તમ પરમઆનંદસ્વરૂપ સિદ્ધપદ પમાય છે.

## સ્વરૂપના સાધકોને ધન્ય છે!

જેણે સમ્યગ્દર્શન પ્રગટાવવાનો પૂર્વે કદી નહિ કરેલો એવો અનંતો સમ્યક્ પુરુષાર્થ કરીને સમ્યગ્દર્શન પ્રગટ કર્યું છે અને એ રીતે પોતાના સંપૂર્ણ સ્વરૂપનો સાધક થયો છે તે જીવ કોઈ પણ સંયોગોમાં ભયથી, લજ્જાથી, લાલચથી કે કોઈપણ કારણથી અસત્‌ને પોષણ નહીં જ આપે......એ માટે કોઈવાર દેહ છૂટવા સુધીની પ્રતિકૂળતા આવી પડે તોપણ તે સત્‌થી ચ્યુત નહિ થાય, –અસત્‌નો આદર કરી નહિ કરે સ્વરૂપના સાધકો નિઃશંક અને નીડર હોય છે. સત્‌સ્વરૂપની શ્રદ્ધાના જોરમાં અને સત્‌ના માહાત્મ્ય પાસે તેને કોઈ પ્રતિકૂળતા છે જ નહિ. જો સત્‌થી જરા પણ ચ્યુત થાય તો તેને પ્રતિકૂળતા આવી કહેવાય, પણ જે ક્ષણે–ક્ષણે સત્‌માં વિશેષ વિશેષ દ્રઢતા કરી રહ્યો છે તેને તો પોતાના બેહદ પુરુષાર્થ પાસે જગતમાં કાંઈ પણ પ્રતિકૂળ નથી. એ તો પરિપૂર્ણ સત્‌સ્વરૂપ સાથે અભેદ થઈ ગયો, –તેને ડગાવવા ત્રણ જગત્‌માં કોણ સમર્થ? અહો! આવા સ્વરૂપના સાધકોને ધન્ય છે!!

# ભગવાન પારસનાથ

* લેખાંક ( ૫ ) ગતાંકથી ચાલુ *

**ભગવાન પારસનાથના દશભવનું વર્ણન આપ વાંચી રહ્યા છો. મરૂભૂતિ અને કમઠ બે ભાઈ; મરૂભૂતિ મરીને હાથી થયો ને સમ્યગ્દર્શન પામ્યો; સર્પ કરડવાથી તેનું મૃત્ય થયું. પછી અગ્નિવેગ-મુનિના ભવમાં અજગર તેને ખાઈ ગયો; વજનાભી ચક્રવર્તીના ભવમાં ભીલે બાણથી તેને વીંધી નાંખ્યા. પછી ગ્રૈવેયકમાં જઈને આપણા ચારિત્રનાયક આનંદરાજા તરીકે અવતર્યા છે ને અષ્ટાહ્નિકામાં જિનેન્દ્રદેવની પૂજાનો મોટો ઉત્સવ કરાવીને મુનિરાજનો ઉપદેશ સાંભળે છે.**

**-હવે આગળ વાંચો.**

શ્રી મુનિરાજના ઉપદેશમાં જિનેન્દ્ર ભગવાનના દર્શનનો મહિમા સાંભળીને આનંદરાજા વગેરે બધા જીવો પણ ઘણા રાજી થયા; ઘણા જીવોએ દરરોજ ભગવાનના દર્શન કરવાની પ્રતિજ્ઞા કરી; અને અરિહંત ભગવાન જેવા આત્માના શુદ્ધ સ્વરૂપનો વિચાર કરવા લાગ્યા. પછી ભાવપૂર્વક મુનિરાજની સ્તુતિ–વંદના કરીને સૌ પોતે પોતાના સ્થાને ગયા. મુનિરાજ પણ વિહાર કરતા કરતા ભોજન સમયે અયોધ્યાનગરીમાં પધાર્યા. આનંદ રાજાએ નવધાભક્તિપૂર્વક મુનિરાજને આહારદાન દીધું. આહારદાન બાદ મુનિરાજે કહ્યું કે–હે રાજન્! હવે તમારે બે જ ભવ બાકી છે. આ ભવમાં તીર્થંકરપ્રકૃતિ બાંધીને આગામી ભવમાં તમે ભરતક્ષેત્રમાં ૨૩મા તીર્થંકર થશો......ને સમ્મેદશિખરથી મોક્ષ પામશો. તે સાંભળીને રાજા ઘણો જ આનંદિત થયો. તેનું નામ પણ ‘આનંદ’ હતું ને ભાવથી પણ તે આનંદિત હતો.

હવે, શ્રી મુનિરાજે ઉપદેશમાં ત્રણલોકના જિનપ્રતિમાઓનું પણ વર્ણન કર્યું હતું. સૂર્યવિમાનમાં પણ શાશ્વત જિનબિંબ છે ને જ્યોતિષી દેવો તેની પૂજા–ભક્તિ કરે છે, તેનું અદ્‌ભુત વર્ણન સાંભળીને રાજા પોતાના મહેલમાંથી તેને નમસ્કાર કરવા લાગ્યો, અને અયોધ્યાનગરીમાં પણ તેવી જ રચના કરવાનું તેને મન થયું. રાજ્યના ઉત્તમ કારીગરોને બોલાવીને સૂર્યવિમાન જેવું જ એક સુંદર વિમાન બનાવ્યું; અને હીરા માણેક રત્ન જડેલા તે વિમાનમાં સુંદર જિનપ્રતિમાની સ્થાપના કરી. આ વિમાનની અને તેમાં બિરાજમાન પ્રતિમાની આશ્ચર્યકારી શોભા દેખીને આનંદરાજાને આનંદનો પાર ન રહ્યો. તેઓ હંમેશાં સવાર–સાંજ તેની પૂજા કરવા લાગ્યા. આ રીતે રાજાને સૂર્યવિમાનસ્થિતિ જિનબિંબની પૂજા કરતા દેખીને તેના ઉપર વિશ્વાસને કારણે લોકો પણ દેખાદેખીથી સૂર્યવિમાનને નમસ્કાર કરવા લાગ્યા. રાજા તો સૂર્યવિમાનને નહીં પણ તેમાં સ્થિત જિનબિંબને નમસ્કાર કરતો હતો;–પણ જેમ બાહ્ય જીવો નિશ્ચયને જાણ્યા વગર વ્યવહારને ભજવા લાગે છે તેમ અન્યમતિ લોકો પણ જિનબિંબને બદલે સૂર્યને પૂજવા લાગ્યા.

આનંદ મહારાજા અનેક પ્રકારે ધર્મનું આરાધન કરી રહ્યા છે, તેને વિશ્વાસ છે કે જિનસદૃશ મારા આત્માનું ચિંતન કરીને હું પણ જિન થઈશ.....આવી ભાવના પૂર્વક ઘણાં વર્ષો વીતી ગયાં; એક દિવસ તે રાજાએ પોતાના માથામાં સફેદ વાળ દેખ્યા, અને તરત જ તેનું હૃદય વૈરાગ્યથી કંપી ઊઠયું કે અરે! યુવાનીના લાખો વર્ષો વીતી ગયા ને વૃદ્ધાવસ્થા તો આવવા લાગી; આ સફેદવાળ મૃત્યુરાજાનો સંદેશો લઈને આવ્યો છે કે હે જીવ! હવે જલદી ચારિત્રદશાને ધારણ કરીને આત્મ–કલ્યાણ કર. માટે હવે મારે આત્મહિતમાં ઘડીનોય વિલંબ કરવા જેવો નથી. આજે જ આ સંસારનો સર્વ પરિગ્રહ છોડીને, હું શુદ્ધોપયોગી મુનિ થઈશ અને ઉપયોગસ્વરૂપ મારા આત્મામાં એકાગ્ર થઈને ચારિત્રદશા પ્રગટ કરીશ–આવા દ્રઢ નિશ્ચયપૂર્વક તેઓ વૈરાગ્યને પુષ્ટ કરનારી બાર ભાવના ચિંતવવા લાગ્યા.

(૧) આ શરીરાદિ સંયોગ અને રાગાદિ પરભાવો અધ્રુવ છે; મારો ઉપયોગસ્વરૂપ શુદ્ધઆત્મા જ મારે માટે ધ્રુવ છે, તે જ મારું સ્વ છે, ને તેના જ ધ્યાનથી સુખ છે.

(૨) મૃત્યુના મુખમાં પડેલા કે રોગાદિથી ઘેરાયેલા જીવને પોતાની જ્ઞાનચેતના સિવાય બીજું કોઈ જ શરણ નથી, અરિહંત–સિદ્ધ–સાધુ અને ધર્મ–એવી દશારૂપ જે

વીતરાગભાવ તે જ શરણ છે, બીજું બધુંય અશરણ છે. પોતાના શુદ્ધઆત્માનું જ શરણ લઈને જેણે વીતરાગભાવ પ્રગટ કર્યો તેને બીજા કોઈનું શરણ લેવું પડતું નથી. જે સ્વયં સુખી છે તેને બીજાના શરણનું શું કામ છે?

(૩) પોતાના સ્વભાવની સાધના વડે જ સિદ્ધપદ સધાય છે; એના સિવાય જે કોઈ બાહ્ય ભાવો છે–અશુભ કે શુભ, તે બધાય પરભાવો સંસાર છે, દુઃખમય છે, ચારગતિનાં કારણ છે. પરભાવનું સેવન તે સંસાર, તેનાથી છૂટવા આત્માના શુદ્ધસ્વરૂપની ભાવના કરવી.

(૪) પોતાના સ્વભાવ સાથે એકત્વ સાધતાં પરમસુખ પમાય છે. પણ પોતાના એકત્વ સ્વભાવને ભૂલીને, રાગદ્વેષના ભાવ વડે જીવ દુઃખી છે; તેમજ દેહાદિ પદાર્થો ભિન્ન હોવા છતાં તેની સાથે એકત્વ માની–માનીને મોહથી જીવ મહા દુઃખી થઈ રહ્યો છે. રાગમાં એકતારૂપ પરિણમન તે મિથ્યાત્વ છે, નિજસ્વરૂપમાં જ એકતારૂપ પરિણમન તે સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર છે. મુનિઓ આવી એકત્વભાવનામાં તત્પર હોય છે.

(૫) પ્રજ્ઞા વડે અનુભવમાં આવતો જે ઉપયોગસ્વરૂપ આત્મા, તે જ હું છું, તે સિવાય જે કોઈ રાગાદિ બાહ્ય ભાવો છે તે બધાય મારાથી અન્ય છે. –આવા ભેદજ્ઞાનરૂપ ભાવના તે અન્યત્વ ભાવના છે.

(૬) ખરેખર બાહ્યવસ્તુ અશુચી નથી, પણ મિથ્યાત્વાદિ ભાવો જ આત્માને મલિન કરનારાં હોવાથી અશુચી છે, તેને છોડીને ઉપયોગસ્વરૂપ પવિત્ર આત્માની ભાવના કરવી.

(૭) આત્માને મલિન કરનારાં ને દુઃખ દેનારાં જે અજ્ઞાનભાવો છે તે આસ્રવ છે; આત્માના ઉપયોગમાં કર્મનો પ્રવેશ નથી, તેથી તે નિરાસ્રવ છે. આવા ઉપયોગનો અનુભવ કરતાં આસ્રવો છૂટી જાય છે.

(૮) ઉપયોગને ક્યાંય બહાર પરભાવમાં ન ભમાવવો ને પોતાના આત્મસ્વરૂપમાં જ તેને જોડવો તેનું નામ સંવર છે; ભેદજ્ઞાન વડે જ આવો સંવર થાય છે અને તે મહાન આનંદદાયક છે.

(૯) શુદ્ધતાની ધારા વડે કર્મમેલને વિશેષપણે ધોઈ નાખવો તે નિર્જરા છે. સમ્યક્ત્વ પૂર્વકના તપથી ઘણી નિર્જરા થાય છે, ને તે મોક્ષનું કારણ છે.

(૧૦) જેનો કોઈ કર્તા નથી, જેનો કદી નાશ નથી એવો આ લોક છે; તે અનંત અલોકની વચ્ચે કોઈ પણ જાતના અવલંબન વગર સદાય રહેલો છે; જીવનો સ્વભાવ પણ નીરાલંબી છે. લોકમાં અનંતા જીવો છે, તેઓ આત્મજ્ઞાન વગર ત્રણ લોકમાં જન્મ–મરણ કરીને રખડે છે ને દુઃખી થાય છે. લોકમાં સૌથી જુદો ને લોકને જાણનારો જ્ઞાનસ્વરૂપ આત્મા હું છું–એવું જ્ઞાન કરે તો લોકમાં પરિભ્રમણ મટે, અને જીવ પોતે સિદ્ધભગવાન થઈને લોકાગ્રે જઈને વસે.

(૧૧) સંસારમાં ભમતાં જીવને બધું સુલભ છે, પુણ્ય અને સ્વર્ગ પણ સુલભ છે, દુર્લભ તો એકમાત્ર રત્નત્રયરૂપબોધિ જ છે. અને તે બોધિ જીવને મહા સુખ દેનાર છે. આવી દુર્લભ–બોધિ મને કેમ પ્રાપ્ત થાય? તેવી ભાવના કરીને, તેનો ઉદ્યમ કરવા જેવો છે.

(૧૨) વસ્તુનો ધર્મ એટલે કે વસ્તુનો સ્વભાવ શું છે? તેનું ચિંતન કરવું જોઈએ. જીવનો સ્વભાવ એટલે કે જીવનો ધર્મ તો ચેતના છે; તે ચેતનામાં રાગ–દ્વેષ નથી. રાગદ્વેષભાવો તે ખરેખર જીવનો ધર્મ નથી. આવા ચેતનસ્વભાવરૂપ ધર્મને ઓળખીને, સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ વીતરાગધર્મની અથવા ઉત્તમક્ષમાદિ દશધર્મની ઉપાસના કરવી. તે ધર્મ જ જીવને સુખ અને મોક્ષ આપે છે.

–આ બાર ભાવનાઓ વૈરાગ્યની જનેતા છે, તેના ચિંતન વડે વૈરાગ્ય પુષ્ટ થાય છે. આનંદમહારાજાએ આવી બાર ભાવનાઓનું ચિંતન કર્યું અને પરમ વૈરાગ્યપૂર્વક સાગરદત્તગુરુની સમીપ મુનિદીક્ષા લીધી...મુનિ થઈને શુદ્ધોપયોગવડે આત્મધ્યાનમાં એકાગ્ર થયા. અતીન્દ્રિય આનંદનાં સમુદ્રમાં ગરકાવ થયા.....અહા! એમનો આત્મા રત્નત્રયનાં તેજથી ઝળકી ઊઠયો. એમની વીતરાગતા આશ્ચર્ય ઉપજાવતી હતી. આત્મિક સાધનામાં તેઓ એવા રત હતા કે બારપ્રકારનાં તપ તો તેમને સહેજે થઈ જતાં હતાં; મુખ્યપણે તેઓ ધ્યાન અને સ્વાધ્યાયમાં જ મગ્ન રહેતા. આનંદના વેદનમાં આહારની ઈચ્છા સહેજે છૂટી જતી એટલે કષ્ટ વગર તેમને ઉપવાસ થઈ જતા હતા. ક્યારેક આહાર કરે તોપણ રસની ઈચ્છા વગર, અમુક જ વસ્તુઓ અને તે પણ ભૂખ કરતાં અલ્પ જ લેતાં; એકાન્તસ્થાનમાં વન–જંગલમાં વસતા; શરીરનું મમત્વ તેમણે છોડી દીધું હતું, અલ્પ પણ દોષ કે પ્રમાદ થઈ જાય તો સરળચિત્તે પ્રાયશ્ચિત્ત કરતા; રત્નત્રયધારી ગુરુઓ પ્રત્યે સેવા–વિનય અને વાત્સલ્યસહિત વર્તતા; ગમે તેવી ઠંડી ગરમી કે વર્ષામાં પણ તેઓ કદી આત્મધ્યાન ચુકતા નહીં. –આમ બાર પ્રકારનાં તપ સહિત ચારિત્રને આરાધતા હતા.

આવી ઉત્તમ આરાધનાસહિત સ્વાધ્યાયમાં એકાગ્રતાથી તે આનંદમુનિરાજને બારઅંગનું જ્ઞાન ખીલી ગયું, –શ્રુતજ્ઞાનનો પવિત્ર સમુદ્ર ઉલ્લસ્યો......બીજી પણ અનેક ઋદ્ધિઓ તેમને પ્રગટી, પણ તેમનું લક્ષ તો ચૈતન્યઋદ્ધિમાં જ હતું. આર્ત્તધ્યાન કે રૌદ્રધ્યાન તો તેમને હતું જ નહીં, તેઓ ધર્મધ્યાનમાં એકાગ્ર રહેતા, ને ક્યારેક શુક્લધ્યાન પણ ધ્યાવતા. ધ્યાન વખતે તેઓ પોતાના શુદ્ધાત્મામાં એકમાં જ ઉપયોગને એકાગ્ર કરીને નિર્વિકલ્પ–આનંદને અનુભવતા હતા, ને બીજી બધી ચિંતાઓ તેમને અટકી જતી હતી. અહા, ધ્યાન વખતે તો જાણે સિદ્ધમાં ને તેમનામાં કાંઈ ફેર રહેતો ન હતો. તેમની શાંત ધ્યાનમુદ્રા દેખીને પશુઓ પણ આશ્ચર્ય પામતા હતા.

તે આનંદ મુનિરાજ સદાય રત્નત્રયરૂપ મોક્ષમાર્ગમાં નિશ્ચલ વર્તતા હતા, ને બાવીસ પરીસહ સહતા હતા. ગમે તેવી ભૂખ કે તરસ, ઠંડી કે ગરમી, નગ્ન શરીર પર મચ્છર વગેરે મચ્છર વગેરે જીવ જંતુના ડંશ લાગે તોપણ મોક્ષમાર્ગથી તેઓ જરા પણ ડગતા ન હતા; કોઈ અરતિનો પ્રસંગ આવે તોપણ તેઓ અરતિભાવ કરતા ન હતા; સ્ત્રીઓના ગમે તેવા હાવભાવથી પણ તેમનું મન ચલિત થતું નહીં; વિહાર આસન ને ભૂમિશયન સંબંધી કષ્ટમાં પણ ખેદ કરતા નહીં; ક્રોધથી કોઈ કડવાં વચન કહે કે મારે તોપણ પોતે પોતાના માર્ગમાંથી ચ્યૂત થતા ન હતા; આહારાદિની યાચના કરતા ન હતા; અનેક ઉપવાસ બાદ ગામમાં ભોજન માટે જાય ને યોગ્ય આહારાદિ ન મળે તોપણ શાંતિથી પોતાના ધર્મધ્યાનમાં સ્થિર રહેતા હતા; ક્યારેક શરીરમાં રોગ થાય, પીડા થાય, કાંટા–કાંકરા લાગે તોપણ આર્તધ્યાન થવા દેતા ન હતા; પોતાનું કે પરનું શરીર મલિન દેખીને પણ તેઓ ચિત્તને મલિન થવા દેતા ન હતા; લોકો દ્વારા થતા માન–અપમાનમાં તેમને સમભાવ હતો; હું રત્નત્રયમાર્ગમાં પ્રવીણ ઘણો મહાન તપસ્વી છું છતાં સંઘમાં મારું માન નથી, –એવા વિકલ્પ તેઓ કરતા નહીં; જ્ઞાનનો વિશેષ વિકાસ થવા છતાં તેમને મદ થતો ન હતો; અને અવધિજ્ઞાન વગેરે પ્રગટયું ન હોય તો ખેદ કરતા ન હતા; અનેક વર્ષો સુધી તપશ્ચર્યા કરવાં છતાં કોઈ ઋદ્ધિ વગેરે ન પ્રગટી હોય, ને બીજાને ઋદ્ધિ પ્રગટતી દેખે તોપણ ખેદ કરતા ન હતા. –ઇત્યાદિ પ્રકારે બાવીસ પરિષહને જીતતા થકા તે આનંદમુનિરાજ આત્મશુદ્ધિ વધારતા હતા અને કર્મોની નિર્જરા કરતા હતા. –અહો, આવું વીતરાગી મુનિજીવન ધન્ય છે, તેમના ચરણમાં અમારું મસ્તક નમે છે.

તે મુનિરાજ વારંવાર શુદ્ધોપયોગરૂપી જળ વડે ચારિત્રવૃક્ષનું સીંચન કરતા હતા. તેઓ ચારિત્રના મહાન કલ્પવૃક્ષ હતા ને તે કલ્પવૃક્ષમાં જાણે ઉત્તમ ફળ લાગ્યાં

હોય તેમ ઉત્તમ ક્ષમાદિ દશધર્મો તેમને ખીલી નીકળ્યા હતા. –આવા આનંદમુનિરાજે દર્શનવિશુદ્ધિથી માંડીને રત્નત્રયધર્મપ્રત્યેના પરમ વાત્સલ્ય સુધીની સોળ ભાવનાઓ વડે તીર્થંકરનામકર્મની પ્રકૃતિ બાંધી. બધાય તીર્થંકરો પૂર્વભવમાં આવી ઉત્તમ ભાવનાઓ ભાવે છે. એક તરફથી પુણ્યનો રસ વધતો હતો, ને બીજી તરફથી ચૈતન્ય–અનુભવ વડે વીતરાગી શાંતરસ પણ વધતો જતો હતો. શિવપુર પહોંચવા માટે તેમને વચમાં એક જ ભવ બાકી હતો; હવે સંસારસંબંધી કોઈ ઈચ્છા તેમને રહી ન હતી, દેહથી પણ તેઓ સાવ વિરક્ત હતા.



તે મુનિરાજ એક વખત વનમાં અડગપણે ધ્યાન કરતા હતા.....બહારનું લક્ષ છોડીને નિજસ્વરૂપના અવલોકનમાં તેઓ એકાગ્ર હતા. તેમના સર્વપ્રદેશે અપૂર્વ આનંદરસના ફૂવારા છૂટતા હતા. એવામાં ત્યાં એક સિંહ આવ્યો......તેની ભયંકર ગર્જનાથી આખું વન ધ્રૂજી ઊઠયું.....વનના પશુઓ બીકના માર્યા ભાગવા લાગ્યા. છલાંગ પર છલાંગ મારતો તે સિંહ વનમાં ચારેકોર ઘૂમતો હતો. આ સિંહ તે બીજો કોઈ નહિ પણ આપણો જાણીતો કમઠનો જ જીવ છે. તેની નજર ધ્યાનમાં બેઠેલા આનંદમુનિ ઉપર પડી અને ક્રોધથી મોટી ત્રાડ પાડીને તે મુનિ તરફ દોડયો......મુનિરાજ ભાગ્યા નહીં, ભયભીત થયા નહીં, એ તો નિર્ભયપણે ધ્યાનમાં જ બેસી રહ્યા. સિંહે છલાંગ મારીને તેમનું ગળું મોઢામાં પકડયું ને પંજાના નખથી તેમના શરીરને ફાડી ખાધું. –અરે! એને ક્યાં ભાન હતું કે હું અત્યારે જેના શરીરને ખાઉં છું તે જ એક વખત ગુરુ થઈને આ સંસારમાંથી મારો ઉદ્ધાર કરશે! સિંહ શરીરને ખાતો હતો ત્યારે મુનિરાજ તો પોતાના ઉત્કૃષ્ટ ક્ષમાભાવમાં જ રહ્યા, તેમણે સિંહ ઉપર જરાય ક્રોધ ન કર્યો......વીતરાગ માર્ગથી જરાપણ ન ડગ્યા. વાહ! ધન્ય મુનિરાજ ચતુર્વિધ આરાધનાની અખંડતા સહિત પ્રાણ તજીને તેઓ આનતસ્વર્ગમાં ઇન્દ્ર થયા. સિંહ ક્રૂર ભાવથી મરીને પાછો નરકમાં ગયો.

*** ( ૯ ) આનંદમુનિ આનત સ્વર્ગમાં, અને સિંહ નરકમાં ***

દેહલોકના ૧૬ સ્વર્ગમાંથી ૧૩મું આનતસ્વર્ગ છે; સ્વર્ગની શોભા અનેરી છે;

ત્યાં રાત–દિવસના ભેદ હોતા નથી, સદાય પ્રકાશ હોય છે, દેવોને રોગાદિ હોતાં નથી. સોના–રત્નોની અદ્ભુત શોભાવાળાં દેવોનાં નગર છે. પુણ્યના પ્રભાવે ત્યાં અનેક કલ્પવૃક્ષો અને ચિંતામણિ પણ સુલભ છે. પરંતુ શાસ્ત્રકાર કહે છે કે, કલ્પવૃક્ષ પાસે તો ફળની યાચના કરવી પડે ને ચિંતામણી પાસે ચિંતવવું પડે ત્યારે તે ફળ આપે છે, પણ વીતરાગધર્મ તો એવો છે કે તે ઈચ્છા વગર પણ ઉત્તમ ફળને આપે છે, માટે ધર્મ જ શ્રેષ્ઠ છે. આનતસ્વર્ગમાં ઉપજેલા આપણા કથાનાયકને સ્વર્ગમાં આ છેલ્લો અવતાર છે, હવેના ભવમાં તો તે ભગવાન થશે. સ્વર્ગના કેટલાય દેવો તેની સેવા કરવા લાગ્યા. અવધિજ્ઞાનથી તેણે પોતાના પૂર્વભવને જાણ્યો અને જૈનધર્મમાં તેની ભક્તિ દ્રઢ થઈ. દેવલોકના અનેક ભોગોપભોગની વચ્ચે પણ તે જાણતા હતા કે આ ભોગોની ઈચ્છા તે તો અગ્નિ જેવી છે. વિષયોરૂપી લાકડા વડે તે કદી શાંત થવાની નથી, તે તો ચારિત્ર–જળ વડે જ શાંત થશે. –આ દેવલોકમાં ચારિત્રદશા નથી, ચારિત્રદશા તો મનુષ્યને જ થાય છે. હવે મનુષ્ય થઈને અમે અમારી ચારિત્રદશા પૂર્ણ કરીશું ને ફરીથી આ સંસારના ચક્કરમાં નહીં આવીએ. આમ ચારિત્રદશાની ભાવનાપૂર્વક, સમ્યક્ત્વની આરાધના સહિત તેઓ દેવલોકમાં અસંખ્ય વર્ષ સુધી રહ્યા. તેઓ વારંવાર જિનભક્તિનો ઉત્સવ કરતા, અને દેવોની સભામાં ઉત્તમ ધર્મોપદેશ આપતા. તેમના ઉપદેશથી સ્વર્ગના કેટલાય દેવો સમ્યગ્દર્શન પામ્યા.

તે ઈંદ્રના આયુષ્યમાં જ્યારે છમાસ બાકી રહ્યા ને વારાણસી (બનારસ–કાશી) નગરીમાં પારસનાથ–તીર્થંકરપણે અવતરવાની તૈયાર થઈ, ત્યારે બનારસ નગરીમાં શું થયું? –તે જોવા માગશર વદ ૧૧ પહેલાં આપણે તે નગરીમાં પહોંચી જઈશું...ને પ્રભુના જન્મોત્સવમાં આનંદથી ભાગ લઈશું.

(આવતા અંકે: પારસપ્રભુનો જન્મ)

*****

## અમર આતમરામ

નિજ આત્મને જાણ્યા વિના બહુ દુઃખને પામ્યો અરે,
સિદ્ધસુખને ઝટ પામવા જિનભાવના ભાવું હવે.
સંતો કરે છે ધ્યાન જેનું પરમ જ્ઞાયકભાવ હું,
કદી મરણને પામું નહીં, છું અમર આતમરામ હું,

# ભાવશુદ્ધિવંત જીવ આરાધનાને પામે છે

卐

**અહો! આત્માની આરાધનાના પંથ રાગથી ન્યારા છે....વીતરાગી સંતોના મારગડા દુનિયાથી બહુ આઘા છે. સુખમય આરાધના ભાવશુદ્ધિ વડે પમાય છે, રાગવડે તે નથી પમાતી. દુનિયાથી દૂર, જગતથી જુદા અંદરના સ્વભાવમાં ઘૂસી જાય ત્યારે વીતરાગી સંતોના માર્ગની આરાધના પમાય છે.**

*****

જેને આત્માના આનંદનો અનુભવ હોય તે તો વારંવાર અંદર તે આનંદનું ચિંતન કરે, પણ જેને આત્માના આનંદની ખબર નથી, વિષયોમાં જેણે સુખ માન્યું છે તે તો તે વિષયોને જ ચિંતવે છે, વિષયોના ચિંતનમાં એકક્ષણ પણ તેને શાંતિ નથી. અરે ભાઈ! આ શરીર તે તો જડ–માટી હાડકાં–ચામડાનું ઢીંગલું છે, તેમાં ક્યાં તારું સુખ છે? આત્મા તો આનંદનો પર્વત છે, તેનો અનુભવ કર.

આચાર્યદેવ કહે છે કે અહો! આત્માના શુદ્ધભાવ સહિત મુનિવરો ચાર આરાધના પામીને મોક્ષના પરમસુખને અનુભવે છે; પણ જે જીવ બાહ્યથી તો મુનિ થયો હોવા છતાં અંદરમાં સમ્યક્ત્વાદિ ભાવશુદ્ધિ વગરનો છે તે તો દીર્ઘ સંસારમાં ભમતો થકો દુઃખી જ થાય છે–

**भावसदिहो य मुणिणो पावइ आराहणा चउक्कं च।**
**भावरहिदो य मुणिवर भमइ चिरं दीहसंसारे।।९९।।**

**શુદ્ધભાવયુત મુનિ પામતા આરાધના-ચઉવિધને,**
**પણ ભાવરહિત જે મુનિ તે તો દીર્ઘસંસારે ભમે. ૯૯**

આત્માનું ભાન કરીને તેની આરાધના કરનારા મુનિઓ તો મોક્ષસુખને પામે છે; પણ જ્યાં આત્માનું ભાન નથી ત્યાં એક્કેય આરાધના હોતી નથી, તે તો સંસારમાં ભમે છે, સમ્યગ્દ્રષ્ટિ–ગૃહસ્થ હોય તોપણ તે મોક્ષમાર્ગનો આરાધક છે; અને મિથ્યાદ્રષ્ટિજીવ મુનિ થયો હોય તોપણ તે સંસારી જ છે, તે મોક્ષમાર્ગી નથી.

પ્રશ્ન:– તેને શુભભાવ તો હોય છે?

ઉત્તર:– શુભભાવ હોય છે પણ ભાવશુદ્ધિ તેને નથી; શુભભાવને કાંઈ ભાવશુદ્ધિ કહેતા નથી, અને શુભભાવ કાંઈ મોક્ષનું સાધન નથી. રાગથી પાર શુદ્ધ આત્માની અનુભૂતિરૂપ નિશ્ચય સમ્યક્ત્વાદિ ભાવ, તે જ ભાવશુદ્ધિ છે, ને એવી ભાવશુદ્ધિ હોય ત્યાં જ દર્શન–જ્ઞાન–ચારિત્ર–તપ એવી ચતુર્વિધ–આરાધના હોય છે; તેના ફળમાં અનંતચતુષ્ટય સહિત અરિહંતપદ તથા સિદ્ધપદ પ્રગટે છે. સમ્યગ્દર્શન વગર તો જ્ઞાન–ચારિત્ર કે તપ એક્કેય આરાધના હોતી નથી. મિથ્યાત્વનું ફળ સંસાર, ને સમ્યક્ત્વનું ફળ મોક્ષ છે. અજ્ઞાનીઓ માત્ર શુભરાગને ભાવશુદ્ધિ માની લ્યે છે ને તેનાથી આરાધના થવાનું માને છે; પણ ભાઇ! અનંતવાર શુભરાગ કરવા છતાં આત્માની આરાધના તો તને જરાય ન થઈ, સંસારભ્રમણ જ રહ્યું. કેમકે અશુભ અને શુભ બંને ભાવો અશુદ્ધ છે, પરભાવ છે, સંસારનું કારણ છે. સમ્યક્ત્વાદિ શુદ્ધભાવ તો સ્વભાવના આશ્રયે છે, રાગ વગરના છે, તે મોક્ષનું કારણ છે. હજી તો આત્માનો શુદ્ધભાવ કોને કહેવાય તેની પણ જેને ખબર ન હોય તેને આરાધના કેવી? તેને તો એકલું દુઃખ છે. તેથી કહ્યું કે–

મુનિવ્રતધાર અનંતવાર ગ્રીવક ઉપજાયો,
પૈ નિજ આતમજ્ઞાન બિન સુખ લેશ ન પાયો.

આત્માના અનુભવ વગર શુભરાગથી મુનિવ્રત પાળવા છતાં લેશ પણ સુખ ન પામ્યો, –એનો અર્થ એ થયો કે શુભરાગ કરીને પણ જીવ દુઃખ જ પામ્યો, સમ્યગ્દર્શન વગર આત્માની આરાધના નથી, ને આત્માની આરાધના વગર સુખ નથી. તો સુખ કઈ રીતે થાય? કે આત્મા પોતે સુખથી ભરેલો મોટો પહાડ છે, આખો સુખનો જ પહાડ છે; તે સુખસ્વભાવના શ્રદ્ધા–જ્ઞાન–અનુભવ કરતાં આત્મા પોતે સુખરૂપ પરિણમી જાય છે. –આવી સુખમય આરાધના ભાવશુદ્ધિવડે પમાય છે, રાગ વડે તે નથી પમાતી. અહો! આત્માની આરાધનાના પંથ રાગથી ન્યારા છે. વીતરાગી સંતોના મારગડા દુનિયાથી બહુ આઘા છે. દુનિયાથી દૂર એટલે કે જગતથી જુદા અંદરના સ્વભાવમાં ઘૂસી જાય ત્યારે વીતરાગી સંતોના માર્ગની આરાધના પમાય છે. જેને આનંદસ્વરૂપ આત્માને સાધવો હોય તેને બહારનાં પુણ્ય–પાપના ભાવનો રસ ઊડી જાય છે. રાગનો રસ રહે ને આત્માનો આનંદ પણ સધાય–એમ એક સાથે બે વાત નહીં રહે, કેમકે આત્માના આનંદની જાત રાગથી તદ્દન જુદી છે. શુભરાગ તે કાંઈ આરાધના નથી. જ્યાં રાગનો પ્રેમ છે ત્યાં

ચૈતન્યની આરાધના નથી; એનું ફળ તો સંસાર છે. આમ જાણીને હે જીવ! તું રાગ અને આત્માની ભિન્નતાના અનુભવ વડે ભાવશુદ્ધિ પ્રગટ કર. ભાવશુદ્ધિ તે જ આરાધના છે, તે જ મોક્ષનું કારણ છે; તેના વડે કલ્યાણની પરંપરા પમાય છે, મોક્ષસુખ પમાય છે.

**ભાવશ્રમણો પામતા કલ્યાણ-માળા, સુખને;**
**ને દ્રવ્યોશ્રમણો કુનર-તિર્યંચ-દેવગતિનાં દુઃખને. (૧૦૦)**

સાધારણ લોકોને નરકનાં જ દુઃખમાં દુઃખ લાગે છે, પણ હે ભાઈ, આત્માની શુદ્ધિ વગર સંસારની ચારે ગતિમાં (દેવલોકમાં પણ) એકલું દુઃખ જ છે; આત્માના અશુદ્ધભાવ તે જ દુઃખ છે; મોહરહિત શુદ્ધભાવ વડે જ તે દુઃખથી જીવ છૂટે છે ને સુખને પામે છે.

જ્યાં આત્માનું જ્ઞાન નથી, આત્માનો શુદ્ધસ્વભાવ શું, ને તેનાથી વિરુદ્ધ પરભાવ શું? તેનું પૃથક્કરણ નથી, ત્યાં જીવને ભાવશુદ્ધિ ક્યાંથી થાય? જ્ઞાનમાં રાગને ભેળવીને અશુદ્ધભાવને જ અજ્ઞાની અનુભવે છે ને તે જ દુખ છે;–પછી ભલે દેવ હો કે મનુષ્ય હો, અશુદ્ધભાવથી તે દુઃખી જ છે. અને નરકમાં પણ જીવ જો આત્માને ઓળખીને શુદ્ધભાવ કરે તો તેને અતીન્દ્રિય સુખનો અનુભવ થાય છે. સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર કહો કે ભાવશુદ્ધિ કહો, તે મોક્ષસુખનું કારણ છે. ચારે આરાધના ભાવશુદ્ધિમાં સમાય છે. માટે હે જીવ! પ્રથમ તું ભાવને જાણ.....પ્રયત્નવડે આત્માને જાણીને ભાવશુદ્ધિ પ્રગટ કર. આત્માની આવી આરાધનાવડે મોક્ષસુખ પમાશે.

(ભાવપ્રાભૃત ગાથા ૯૯–૧૦૦)

## દર્શનપુતા માનવતિલકા

ओज्सतेजोविद्या वीर्ययशोवृद्धिविजयविभवसनाथाः।
महाकुला महार्था मानवतिलका भवन्ति दर्शनपुताः।।३६।।

સમ્યગ્દર્શન વડે જે પવિત્ર છે તે પુરુષ સમસ્ત મનુષ્યોમાં તિલક સમાન શોભે છે; તથા પરાક્રમ, તેજ–પ્રતાપ, વિદ્યા, બળ, ઉજ્વળ, યશ, વૃદ્ધિ, વિજય અને વૈભવ એ બધાની અતિશયતાનો તે સ્વામી થાય છે. તથા મહાન કૂળનો સ્વામી થાય છે અને મહાન ધર્મ, અર્થ, કામ અને મહા–મોક્ષ એ ચાર પ્રકારના પુરુષાર્થનો તે સ્વામી થાય છે.

(–સમન્તભદ્ર સ્વામી)

# 卐 જ્ઞાનમય આત્માનું ચૈતન્ય–જીવન 卐

卐 ( જ્ઞાનપાંચમઃ લાભપાંચમના રોજ જીવત્વશક્તિના પ્રવચનમાંથી ) 卐

## ચૈતન્યભાવરૂપ જીવત્વને જાણતા જીવ જગત્પૂજ્ય પદવી પામે છે

જ્ઞાનસ્વરૂપ આત્મા પોતે પોતાના જ્ઞાનલક્ષણવડે જ્યારે પોતાના આત્મદ્રવ્યને લક્ષ્યરૂપે અનુભવે છે ત્યારે તે જ્ઞાનની અનુભૂતિમાં અનંત શક્તિના નિર્મળભાવો એકસાથે પરિણમે છે, તે બતાવવા આચાર્યદેવે ૪૭ શક્તિ વર્ણવી છે. સૌથી પહેલી જીવનશક્તિ છે–જે ચૈતન્યપ્રાણને ધારણ કરનારી છે. જ્ઞાનસ્વરૂપ આત્મા પોતાના ચૈતન્યપ્રાણને ધારણ કરીને જીવે છે એવી તેની જીવત્વશક્તિ છે. જ્ઞાનના અનુભવમાં આવું જીવત્વ પણ ભેગું જ છે. જ્ઞાનના અનુભવમાં સાથે રાગ નથી આવતો, રાગથી તો તે ભિન્ન છે; પણ જીવત્વ–સુખ–શ્રદ્ધા વગેરે અનંત શક્તિનું નિર્મળપરિણમન તે જ્ઞાનની સાથે જ છે. જ્ઞાનસ્વરૂપ આત્માના અનુભવમાં અનંતગુણનો અનુભવ સમાય છે.

જ્ઞાનલક્ષણવડે લક્ષ્યરૂપ એવા પોતાના આત્માને અનુભવનાર જ્ઞાની જાણે છે કે મારું જીવત્વ ચૈતન્યમય ભાવપ્રાણથી છે, ચૈતન્યભાવથી સદા જીવનારો હું છું. –આવા જીવનવાળો આત્મા જ્ઞાનલક્ષણવડે લક્ષિત થાય છે. અનંતશક્તિ અને તેની નિર્મળપર્યાયો જેમાં એક સાથે વર્તે છે એવો આત્મા જ્ઞાનલક્ષણનું લક્ષ્ય છે, તેમાં રાગાદિ અશુદ્ધભાવ આવતા નથી. રાગાદિભાવોને અને જ્ઞાનલક્ષણને તો અત્યંત ભિન્નતા છે, અને ક્રમરૂપ તથા અક્રમરૂપ એવા અનંત નિર્મળભાવો ( ગુણ–પર્યાયો ) સાથે જ્ઞાનલક્ષણને અભિન્નપણું છે. રાગ ભાવવડે આત્મા લક્ષિત થઈ શકે નહીં, અને જ્ઞાનવડે સ્વ–આત્માને લક્ષિત કરતાં તેમાં રાગ આવે નહીં. રાગ તે કાંઈ આત્માનું જીવન નથી; આત્માનું ચૈતન્યજીવન છે, તે જ્ઞાનલક્ષણથી લક્ષિત છે. પર્યાય તે આત્માનો સ્વ–અંશ છે, તેના વડે આખો આત્મા લક્ષિત થાય છે. પર્યાયની દ્રષ્ટિ દ્રવ્ય ઉપર જતાં આવો આત્મા અનુભવમાં આવે છે. –આવા અનુભવમાં વીતરાગતા છે, આનંદ છે, પ્રભુતા છે, સ્વચ્છતા છે, સ્વરૂપની રચના છે; તેમાં આત્મા સાથે એકતા છે ને પરથી ભિન્નતારૂપ ઉપેક્ષા છે; આ રીતે પોતાના અનંતા નિર્મળધર્મો સહિત આત્મા પરિણમે છે.

રાગ હોય તો આત્માનું જીવન ટકે, કે શરીર હોય તો આત્માનું જીવન ટકે એમ નથી; જ્ઞાનમય આત્મા પોતે સ્વભાવથી જ ચૈતન્યભાવરૂપ જીવત્વવાળો છે. ચૈતન્યપ્રાણવડે સદાય જીવનારો આત્મા પોતે 'જીવંતસ્વામી' છે. હે જીવો! આવા ચૈતન્યજીવનથી તમે જીવો છો.....ને બીજા જીવો પણ આવા ચૈતન્યજીવનવાળા છે-એમ તમે જાણો. બહારમાં લોકો 'જીવો અને જીવવા દો' એમ કહે છે તે તો બહારની વાત છે; ભાઈ! શરીરનું જીવન એ કાંઈ તારું જીવન નથી. શરીરના અસ્તિત્વથી જે પોતાનું જીવન માને છે તેને ખરૂં જીવતાં આવડતું નથી ને બીજા જીવોના જીવનને પણ તે જાણતો નથી. ચૈતન્યના અસ્તિત્વવાળું આત્માનું જીવન છે. અહીં આત્માનું અલૌકિક જીવન બતાવ્યું છે. આત્માને ઈંદ્રિયાદિ જડપ્રાણ સાથે મૈત્રી નથી-એકતા નથી, તેનાથી આત્મા જીવતો નથી; આત્માને પોતાના ચૈતન્યપ્રાણ સાથે સદાય મિત્રતા છે-એકતા છે, તે જ આત્માનું જીવન છે. શરીરથી ને રાગથી હું જીવું છું-એમ માનનારને સાચું ચૈતન્યજીવન હણાય છે. ચૈતન્યભાવરૂપ જીવત્વ છે તે અનંતગુણ સહિત આત્માને જીવાડે છે, ને આવા જીવત્વને જાણતાં જીવ જગત્પૂજ્ય પદવી પામે છે.

## 'સર્વાર્થસિદ્ધિ' માં પૂજ્યપાદસ્વામી કહે છે-

પ્રશ્નઃ- इह पुण्यपापग्रहणं कर्त्तव्यम्।

ઉત્તરઃ- न कर्त्तव्यम्, आस्रवे बन्धे च अन्तर्भावात्।

संसारस्य प्रधानहेतु:आस्रवो बन्धश्च।
मोक्षस्य प्रधानहेतु: संवरो निर्जरा च।

તત્ત્વાર્થશ્રદ્ધાન કરવા માટે (ચોથા સૂત્રમાં) સાતતત્ત્વો કહ્યાં, ત્યાં પ્રશ્ન થાય છે કે આ સાતતત્ત્વોની સાથે પુણ્ય-પાપનું પણ ગ્રહણ કરીને નવ તત્ત્વો કહેવાં જોઈએ!

ઉત્તરમાં આચાર્યદેવ કહે છે કે એનું જુદું ગ્રહણ કરવાની જરૂર નથી, કેમકે આસ્રવ અને બંધતત્ત્વમાં તે સમાઈ જાય છે.

પછી વધુ સ્પષ્ટતા કરતાં કહે છે કે-

સંસારના પ્રધાન હેતુ આસ્રવ ને બંધ છે.
મોક્ષના પ્રધાન હેતુ સંવર ને નિર્જરા છે.

આ રીતે-એક તો, પાપની સાથે પુણ્ય તે પણ આસ્રવ ને બંધ છે, અને બીજું તે સંસારનો હેતુ છે, તે મોક્ષનો હેતુ નથી, -એમ સૂત્રકાર ભગવંતોએ સ્પષ્ટ સમજાવ્યું છે. પુણ્યનો સમાવેશ આસ્રવ ને બંધમાં છે, પુણ્યનો સમાવેશ સંવર કે નિર્જરામાં નથી.

# સુખશક્તિથી જીવ પોતે સુખી છે

## 卐 જ્ઞાન સમાન ન આન જગતમેં સુખકો કારન 卐

ધર્મ એટલે સુખ; સુખ તે આત્માનો ધર્મ છે. સુખને જે શોધે છે તે શોધનારો પોતે જ સુખ છે જેમ જ્ઞાન વગરનો આત્મા ન હોય તેમ સુખ વગરનું આત્મતત્ત્વ કદી હોય નહીં. હે ભાઈ! તું વિચાર કરીને આ વાત લક્ષમાં તો લે કે, અનંતકાળથી બહારમાં સુખ શોધી–શોધીને થાક્યો છતાં તને સુખનો છાંટોય કેમ ન મળ્યો? –સુખની હવા પણ કેમ ન આવી? જેમ હરણિયું મૃગજળને પાણી માનીને દોડે છે; અરે હરણિયા! તું દોડીદોડીને થાકે છે છતાં તને ઠંડી હવા પણ કેમ નથી આવતી? –ક્યાંથી આવે? ત્યાં પાણી હોય તો ઠંડી હવા આવે ને? ત્યાં પાણી તો નથી પણ ધગધગતી રેતી છે. તેમ ધગધગતી રેતી જેવી આકુળતાવાળા જે બાહ્યવિષયો તેમાં અજ્ઞાની સુખ માનીને ત્યાં જ પોતાના ઉપયોગને દોડાવે છે; પણ અનંતકાળ વીત્યો છતાં તેને સુખ નથી મળતું. –ક્યાંથી મળે? વિષયોમાં સુખ હોય તો મળેને? સુખ તો આત્મામાં છે; તેમાં જુએ તો સુખનો અનુભવ થાય.

આત્માને જ્ઞાનમાત્ર કહેતાં તે જ્ઞાનસ્વરૂપમાં આકુળતાનો અભાવ હોવાથી અનાકુળતારૂપ સુખ પણ ભેગું જ છે. આત્મા જ્ઞાનસ્વરૂપ છે એટલે તે રાગરૂપ કે આકુળતારૂપ નથી. જ્ઞાનમાં આકુળતા હોય નહીં. એટલે જ્ઞાનની ખાણમાં ઊંડે ઊતરતાં તેમાં સુખ પણ ભર્યું છે. જ્ઞાનની જેમ સુખ પણ આત્માનો સ્વભાવ છે. જેમ આત્માનું જ્ઞાન સ્વયં પોતાથી છે, બીજામાંથી જ્ઞાન આવતું નથી તેમ આત્માનું સુખ પણ સ્વયં પોતાના સ્વભાવથી છે, બીજામાંથી સુખ આવતું નથી. આત્મામાં જેમ જ્ઞાન સત્ છે તેમ સુખ પણ સત્ છે. પોતે પોતાના સત્નો–અસ્તિત્વનો સ્વીકાર કરે તો સુખનો અનુભવ થાય. સુખસ્વભાવ સાથે અનંત ધર્મો છે.

ભાઈ! સુખરૂપ થવું તે તો તારી પોતાની શક્તિ છે. સુખગુણ ને સુખપર્યાય, એમ અનંત ગુણો ને તેની નિર્મળપર્યાયો, એવા અક્રમ તથા ક્રમરૂપ અનંતધર્મોના સમુદાયરૂપ આત્મા છે; પણ રાગાદિભાવો તેમાં અભૂતાર્થ છે, તેને આત્મા કહેતા નથી.

હવે આત્મા સુખગુણરૂપ ત્રિકાળ છે, તે સુખપર્યાયરૂપે પરિણમે છે. ત્રણકાળના સુખને તે જ્ઞાનવડે એકસાથે જાણી લ્યે ખરો, પણ સુખનું વેદન તો તે–તે પર્યાયમાં વર્તે તેટલું જ છે ભલે એકેક સમયે પરિપૂર્ણ સુખને વેદે, પણ ત્રણકાળનું સુખ એક સાથે નથી વેદાતું, સુખપર્યાયો એક પછી એક પરિણમે છે, તે–તે સમયની વર્તમાન પર્યાયના સુખનું વેદન થાય છે. તે સુખના વેદનમાં રાગના વેદનનો અભાવ છે એટલે તેમાં તે અભૂતાર્થ છે. ભગવાન આત્માને રાગવડે કે શરીરવડે ઓળખવો તે અસદ્ભુત છે, તેના વડે આત્માની ખરી ઓળખાણ નથી. આત્માના સુખવડે કે આત્માના જ્ઞાનવડે તેની ખરી ઓળખાણ થાય છે. માતા–પિતાવડે શરીરના રંગ વડે, સમવસરણાદિ સંયોગ વડે ભગવાનના આત્માની ખરી ઓળખાણ થતી નથી, તેમના કેવળજ્ઞાનાદિ વડે જ તેમની ખરી ઓળખાણ થાય છે; આનંદસ્વરૂપ આત્મા છે, સુખસ્વરૂપ આત્મા છે–એમ તેની સાચી ઓળખાણ થાય છે; પણ દેહવાળો આત્મા, રાગવાળો આત્મા એમ તેની ઓળખાણ આપવી તે તો કલંક જેવું છે, અભૂતાર્થ છે–અસત્ય છે. તારે સુખનાં ભોજન કરવા હોય, આનંદના જમણ જમવા હોય તો અંદર ભૂતાર્થરૂપ સુખસ્વભાવમાં અપરિમિત આનંદ ભર્યો છે તેમાં જા......અનંતકાળ સુધી અનંત આનંદ તેમાં પાકયા જ કરે એવું તારું ચૈતન્યક્ષેત્ર છે; આનંદની ખાણ તારામાં જ ભરી છે. –હવે આનંદ માટે તારે બીજે ક્યાં જવું છે? સુખ તો તારું સ્વરૂપ જ છે. તે સ્વરૂપના અનુભવથી સુખરૂપ પરિણમન થવું તે જ ધર્મ છે. ધર્મ એટલે જ સુખ.

સુખને જે શોધે છે તે શોધનારો પોતે જ સુખની ખાણ છે. આત્મા પોતાનું સુખ બહારમાં શોધે તે તો, જેમ સૂર્ય પોતાના પ્રકાશને બીજે શોધવા જાય–એના જેવું છે. જેમ સૂર્ય પોતે આકાશમાં નિરાલંબીપણે ઉષ્ણતા અને પ્રકાશનો પૂંજ છે, તેમ આ નિરાલંબી આત્મા પોતે સ્વભાવથી જ જ્ઞાન ને સુખ છે. પોતે જ સુખ છે–એ ભૂલીને અજ્ઞાની પરમાંથી સુખ આવવાનું માને છે. પણ–'સુખ પ્રાપ્ત કરતાં સુખ ટળે છે લેશ એ લક્ષે લહો' –અરે! બહારમાં સુખ માનતાં અંતરનો સુખસ્વભાવ ભૂલાઈ જાય છે. હે ભાઈ! તું વિચાર કરીને આ વાત લક્ષમાં તો લે કે, અનંતકાળથી બહારમાં સુખ શોધી–શોધીને થાક્યો છતાં તને સુખનો છાંટોય કેમ ન મળ્યો? –સુખની

હવા પણ કેમ ન આવી? ......જેમ હરણીયાં મૃગજળને પાણી માનીને દોડે છે; અરે હરણિયા! તું દોડી દોડીને થાકે છે છતાં ઠંડી હવા પણ કેમ નથી આવતી? –ક્યાંથી આવે? ત્યાં પાણી હોય તો ઠંડી હવા આવે ને? ત્યાં પાણી તો નથી પણ ધગધગતી રેતી છે. તેમ ધગધગતી રેતી જેવી આકુળતાવાળા જે બાહ્યવિષયો તેમાં અજ્ઞાનીસુખ માનીને ત્યાં જ ઉપયોગને દોડાવે છે, પણ અનાદિકાળ વીત્યો છતાં તેને સુખ નથી મળતું.–ક્યાંથી મળે? વિષયોમાં સુખ હોય તો મળેને? ત્યાં તો આકુળતા છે; સુખનું નિધાન તો અંતરમાં છે, તેને લક્ષમાં લેતાં સુખની ઠંડી લહેર આવે છે. કોઈ પણ બીજી ચીજના અવલંબન વગર સ્વયમેવ આત્મા પોતે સુખ છે. એકલું સુખ નહીં પણ એવા અનંત સ્વભાવોનો સ્વાદ આત્માના અનુભવમાં એક સાથે વેદાય છે. અનેકાન્ત વડે આત્માનું સ્વરૂપ જાણનાર ધર્માત્માને સ્વાનુભવમાં આવું વેદન થાય છે; તે ધર્મ છે, તે મોક્ષમાર્ગ છે.

*****

**જેનામાં સુખ છે-તેને જાણતાં સુખ થાય છે.**
**જેનામાં સુખ નથી તેને જાણતાં સુખ થતું નથી.**

*****

## સુખથી ભરપૂર ચૈતન્યલક્ષ્મીને લક્ષમાં લે

દુનિયાના વૈભવ કરતાં આત્માનો વૈભવ જુદી જાતનો છે. અરે, સંસારમાં લક્ષ્મી માટે જીવો કેટલા દગા–પ્રપંચ ને રાગ–દ્વેષ કરે છે! તેમાં જીવન ગુમાવે છે ને પાપ બાંધે છે. ભાઈ, તારા સ્વઘરની ચૈતન્યલક્ષ્મી મહાન છે તેથી સંભાળ કરને! તેમાં ક્યાંય દગા–પ્રપંચ નથી, રાગ–દ્વેષ નથી, કોઈની જરૂર નથી, છતાં તે મહા આનંદરૂપ છે. બહારની લક્ષ્મી મળે તોપણ તેમાંથી સુખ મળતું નથી. આ ચૈતન્યલક્ષ્મી પોતે મહા આનંદરૂપ છે. આવો અપાર વૈભવ આત્મામાં પોતામાં ભર્યો છે. –એને લક્ષમાં લેતાં સુખ છે.

# અમૃતચંદ્રસૂરિ પીવડાવે છે–અનેકાન્તનાં અમૃત

## ( ૧૪ બોલ વડે જ્ઞાનમાત્ર આત્માના અનેકાન્તસ્વરૂપની સમજણ )

–લેખાંક બીજો : ગતાંકથી ચાલુ–

**અહો, અનેકાન્ત તો વસ્તુનું સ્વરૂપ છે; તે જૈન સિદ્ધાંતના પ્રાણ છે. અનેકાન્ત જ્ઞાનસ્વરૂપ આત્માને પ્રસિદ્ધ કરીને સાચું જીવન જીવાડે છે, અનેકાન્તનું સ્વરૂપ સમજાવીને આચાર્યદેવે વીતરાગરસનાં અમૃત પીવડાવ્યાં છે. અનેકાન્તના ૧૪ બોલમાંથી છ બોલનાં પ્રવચન ગતાંકમાં આવી ગયેલ છે, બાકીનાં અહીં આપવામાં આવ્યા છે.**

સમયસારની ૪૧૫ ગાથામાં આચાર્યદેવે ઘણા પ્રકારે સ્પષ્ટતા કરીને જ્ઞાનસ્વરૂપ આત્મા બતાવ્યો રાગાદિ સમસ્ત પરભાવોથી ભિન્ન જ્ઞાનમાત્ર જ આત્મા છે ને એવા આત્માના અનુભવથી જ આત્મા પરમ આનંદરૂપે પરિણમે છે–એમ સમજાવીને, જ્ઞાનમાત્ર આત્માનો અનુભવ કરવાનું કહ્યું છે. તે જ્ઞાનમાત્ર આત્માને સ્વયમેવ અનેકાન્તપણું કઈ રીતે છે તે વાત આચાર્યદેવે આ પરિશિષ્ટમાં સ્પષ્ટ કરી છે.

‘જ્ઞાનમાત્ર’ કહેવા છતાં આત્માને સ્વયમેવ અનેકાન્તપણું પ્રકાશે છે. કેમકે–

| | | | |
|---|---|---|---|
| ( ૧ ) | જ્ઞાનમાત્ર આત્માને સ્વરૂપથી તત્પણું છે. | ( ૨ ) | પરરૂપથી અતત્પણું છે. |
| ( ૩ ) | જ્ઞાનમાત્ર આત્માને દ્રવ્યથી એકપણું છે. | ( ૪ ) | પર્યાયથી અનેકપણું છે. |
| ( ૫ ) | જ્ઞાનમાત્ર ભાવને સ્વદ્રવ્યથી સત્પણું છે. | ( ૬ ) | પરદ્રવ્યોથી અસત્પણું છે. |
| ( ૭ ) | જ્ઞાનમાત્ર ભાવને સ્વક્ષેત્રથી અસ્તિપણું છે. | ( ૮ ) | પરક્ષેત્રથી નાસ્તિપણું છે. |
| ( ૯ ) | જ્ઞાનમાત્ર ભાવને સ્વકાળથી સત્પણું છે. | ( ૧૦ ) | પરકાળથી અસત્પણું છે. |
| ( ૧૧ ) | જ્ઞાનમાત્ર આત્માને સ્વ–ભાવથી સત્પણું છે. | ( ૧૨ ) | પરભાવથી અસત્પણું છે. |
| ( ૧૩ ) | જ્ઞાનમાત્ર ભાવને જ્ઞાનસામાન્યરૂપે નિત્યપણું છે. | ( ૧૪ ) | જ્ઞાનવિશેષરૂપે અનિત્યપણું છે. |

( અનેકાન્તના આ ૧૪ બોલમાંથી ૬ બોલનો વિસ્તાર ગતાંકમાં આપે વાંચ્યો, પછીના બોલનો વિસ્તાર આપ અહીં વાંચશો. )

## ૭-૮ જ્ઞાનમય આત્માનું સ્વક્ષેત્રથી અસ્તિત્વ; પરક્ષેત્રથી નાસ્તિત્વ

જ્ઞાનનું અસ્તિત્વ પોતાના અસંખ્યપ્રદેશરૂપ સ્વક્ષેત્રમાં છે, જેટલું આત્માનું સ્વક્ષેત્ર છે તેમાં જ જ્ઞાનનું અસ્તિત્વ છે, જ્ઞાનના સ્વક્ષેત્રમાં પરક્ષેત્રરૂપ જ્ઞેયો જણાય છે, ત્યાં જાણે કે જ્ઞાન તે પરક્ષેત્રરૂપ થઈ ગયું–એમ અજ્ઞાની માને છે. પણ ભાઈ! તારું જ્ઞાન પરને જાણે છે તોપણ તે પોતાના સ્વક્ષેત્રથી બહાર જતું નથી. બહારમાં દૂરદૂર પરક્ષેત્રમાં રહેલા જ્ઞેયને જાણવા છતાં જ્ઞાન કાંઈ પોતાથી બહાર નીકળીને ત્યાં ગયું નથી. જ્ઞાન તો જ્ઞાનના સ્વક્ષેત્રમાં જ રહ્યું છે. સમવસરણનું ક્ષેત્ર હોય ત્યાં તેને જાણતાં અજ્ઞાની એવો એકાકાર થઈને હરખ કરે છે કે જાણે આ ક્ષેત્રમાંથી મારું જ્ઞાન આવશે! અથવા બીજું કોઈ ક્ષેત્ર મારા જ્ઞાનને હણી નાંખશે–એમ અજ્ઞાની માને છે. પણ ભાઈ! તારા જ્ઞાનની તે પરક્ષેત્રમાં તો નાસ્તિ છે. તારા આત્મક્ષેત્રમાં જ તારા જ્ઞાનની અસ્તિ છે ને પરક્ષેત્રમાં નાસ્તિ છે. નાસ્તિ છે એટલે તેમાંથી તારું જ્ઞાન જરાય આવતું નથી, કે તેનાથી તારું જ્ઞાન હણાતું નથી. પરક્ષેત્રથી જ્ઞાન થવાનું માને તે તો પરની સામે જ જોયા કરે, એટલે જ્ઞાનનું સમ્યક્ત્વાદિરૂપ જીવન તેને ક્યાંથી પ્રગટે? પણ જ્ઞાનનું પરક્ષેત્રથી નાસ્તિપણું સમજે ને સ્વક્ષેત્રરૂપ જ્ઞાનિથી જ અસ્તિપણું જાણે તો સ્વસન્મુખ દૃષ્ટિથી સમ્યક્ત્વાદિરૂપ જ્ઞાન–જીવન પ્રગટે.

પરક્ષેત્રે રહેલા અનેક જ્ઞેયોના આકાર જ્ઞાનમાં જણાય છતાં જ્ઞાન તે પરજ્ઞેયના આકારપણે થયું નથી; જ્ઞાનમાં તે જણાય છે તે તો સ્વક્ષેત્રે રહેલા જ્ઞાનની તેવી અવસ્થા છે. અજ્ઞાની પરજ્ઞેયના આકારને છોડવા માટે તેના જ્ઞાનને જ છોડી દેવા માંગે છે, જાણે કે પરક્ષેત્રે રહેલા જ્ઞેયો જ્ઞાનના ક્ષેત્રમાં ઘૂસી ગયા હોય એમ માનીને તે પરજ્ઞેયને જાણવારૂપ જ્ઞાનને પણ છોડી દેવા માંગે છે, પણ ભાઈ! તારા જ્ઞાનના સ્વક્ષેત્રમાં કોઈ પરદ્રવ્ય આવ્યું નથી, પરદ્રવ્યો તો પરક્ષેત્રમાં છે ને તેનું જે જ્ઞાન થાય છે તે તો તારા સ્વક્ષેત્રમાં જ છે. આમ જ્ઞાનનું સ્વક્ષેત્રથી સત્પણું છે ને પરક્ષેત્રથી અસત્પણું છે–એમ અનેકાન્તવડે તું જાણ; પરજ્ઞેય પરક્ષેત્રમાં છે, ને મારું જ્ઞાન મારા સ્વક્ષેત્રમાં છે–એમ ભિન્ન જ્ઞાનનો અનુભવ કર. –એ જ સાચું જીવન છે.

'જ્ઞાનમય હું છું' –એમ સ્વસન્મુખ થઈને અનુભવ કરતાં 'જ્ઞાનથી વિરુદ્ધ અન્ય વસ્તુ હું નથી' એમ પરની નાસ્તિ પણ તેમાં આવી જાય છે. જ્ઞાનનું આવું અનેકાન્ત–

જીવન તે જૈનશાસનનો સાર છે. જ્ઞાનમાત્ર કહેતાં પરભાવોનો નિષેધ થાય છે પણ સ્વધર્મોનો નિષેધ થતો નથી; સ્વધર્મો તો જ્ઞાનની સાથે સ્વયમેવ ઉલ્લસે છે.

## ૯-૧૦, જ્ઞાનભાવનું સ્વકાળથી સત્પણું; પરકાળથી અસત્પણું

આત્માની જ્ઞાનપર્યાય જ્ઞેયપદાર્થોને જાણવારૂપ સ્વકાળમાં પોતાથી પરિણમે છે, જ્ઞાનપર્યાય તે પોતાનો સ્વકાળ છે; સ્વકાળથી જ્ઞાનનું સત્પણું છે. તેને બદલે પરજ્ઞેયોની પૂર્વપર્યાય નષ્ટ થતાં તેની સાથે અજ્ઞાની પોતાના જ્ઞાનનો પણ નાશ માની લ્યે છે. જ્ઞેયની પર્યાય તે પરકાળ છે, તેનો વિનાશ થતા જ્ઞાન તો પોતાના સ્વકાળરૂપ પર્યાયમાં સમયેસમયે વર્તી રહ્યું છે. જ્ઞાનપર્યાયનું સ્વકાળથી સત્પણું પોતાથી છે, કાઈ પરજ્ઞેયથી તેનું સત્પણું નથી, પરકાળથી તો તે અસત્ છે.

પરજ્ઞેયોનું અવલંબન તે પણ ખરેખર પરકાળ છે; પરના અવલંબન વખતે જ મારી જ્ઞાનપર્યાય સત્ છે એટલે કે પરજ્ઞેયથી જ મારી જ્ઞાનપર્યાય થાય છે એમ અજ્ઞાની માને છે; તેને અનેકાન્તવડે સમજાવે છે કે હે ભાઈ! તારું જ્ઞાન તારી જ્ઞાનપર્યાયથી એટલે કે સ્વકાળથી સત્ છે, ને પરકાળથી તે અસત્ છે. સમયેસમયે સ્વકાળરૂપ પર્યાયપણે પરિણમે એવું જ્ઞાનનું જ સ્વરૂપ છે, તે પોતાથી જ છે. સામે પરજ્ઞેયનું પરિણમન છે તે પરકાળ છે, તેને લીધે કાંઈ અહીં જ્ઞાનનું પરિણમન નથી. –આમ જ્ઞાનનું સ્વકાળથી સત્પૂર્ણ ને પરકાળથી અસત્પણું બતાવીને અનેકાન્ત જીવાડે છે. ભાઈ! તારું જ્ઞાન તારા સ્વકાળથી જીવતું છે. તારું જ્ઞાન સત્ છે તે સ્વકાળ વગરનું નથી, સમયેસમયે જ્ઞાનપર્યાયરૂપ સ્વકાળ પોતાથી જ છે. આવા અનેકાન્ત સ્વરૂપ વડે જૈનદર્શન વિશ્વના એકાંત મતોથી જુદું પડે છે; અહો! આ તો સર્વજ્ઞદેવે જોયેલું વસ્તુસ્વરૂપ છે. તે કાંઈ ભગવાને બનાવ્યું નથી, પણ જેમ હતું તેમ અતીન્દ્રિયજ્ઞાનવડે પ્રત્યક્ષ જાણ્યું છે, ને દિવ્યવાણી વડે દેખાડયું છે. '

એક જ્ઞેયનું અવલંબન છૂટયું તેથી કાંઈ જ્ઞાનનો નાશ થઈ જતો નથી, જ્ઞાન વર્તમાન–વર્તમાન સ્વપર્યાયરૂપ થયા કરે છે, તે સ્વકાળથી તે જીવે છે. જ્ઞેયનું અવલંબન છૂટતાં જ્ઞાન મરી જતું નથી, જ્ઞેયના અવલંબન વગર પોતાના સ્વભાવથી જ જ્ઞાનસ્વરૂપ આત્મા જ્ઞાનપર્યાયરૂપ સ્વકાળપણે પરિણમે છે, એ જ તેનું જીવન છે. રાગના કાળે જ્ઞાન રાગને જાણવારૂપ પરિણમ્યું, તો તે કાળે કાંઈ રાગના કારણે જ્ઞાનનું અસ્તિત્વ નથી;

જ્ઞાનનું અસ્તિત્વ જ્ઞાનની સ્વપર્યાયથી છે, ને રાગથી તો તેનું અસત્‌પણું છે. –આમ અનેકાન્ત વડે જ્ઞાનપણે જ પોતાનું અસ્તિત્વ સ્વીકારતો જ્ઞાની જ્ઞાનભાવપણે જ પરિણમતો થકો જીવે છે. અજ્ઞાનીને તો એવી ભ્રમણા છે કે પરજ્ઞેયની પર્યાયને લીધે જ જ્ઞાનપર્યાય થતી હોય! –પણ તેની એ ભ્રમણા અનેકાન્તવડે દૂર થઈ જાય છે. અનેકાન્ત તેને સમજાવે છે કે ભાઈ! તારું અસ્તિત્વ તારી જ્ઞાનપર્યાયમાં છે, પર પર્યાયમાં તારું અસ્તિત્વ નથી. –આવા અનેકાન્ત સ્વરૂપ જ્ઞાનને તું જાણ; તેને જાણતાં સ્વાશ્રિત જ્ઞાનપર્યાયરૂપ તારો સ્વકાળ ખીલી જશે, તારે બીજા કોઈનું અવલંબન નહીં લેવું પડે. તારા જ્ઞાનની પર્યાય તે તારો સ્વકાળ છે, ને તે સ્વકાળ પોતાથી જ છે, પરકાળને લીધે નથી. –આવા સ્વાધીન જ્ઞાનની પ્રતીતમાં વસ્તુસ્વરૂપ જેમ છે તેમ જીવંત રહે છે એટલે તે પ્રતીત સાચી થાય છે, સમ્યગ્દર્શનાદિ પ્રગટે છે.

–અનેકાન્ત તે જૈનદર્શનનો પ્રાણ છે, તે ધર્મનો પ્રાણ છે; તેના વગરનાં તો બધાં મડદાં છે, તેમાં સમ્યગ્જ્ઞાનરૂપ જીવન નથી, ધર્મ નથી. સર્વજ્ઞભગવાનનું શાસન એટલે જ અનેકાન્ત; તે જ્ઞાનસ્વરૂપ આત્માનો અનુભવ કરાવે છે.

## ૧૧-૧૨, જ્ઞાનનું પોતાના સ્વ-ભાવથી સત્‌પણું; પર-ભાવથી અસત્‌પણું

જ્ઞાન પોતાના સામર્થ્યને લીધે અનેકવિધ પરભાવોને જાણે છે પણ પોતે કાંઈ તે પરભાવરૂપ થઈ જતું નથી. જ્ઞાન તો પોતાના જ્ઞાનભાવરૂપે જ રહે છે. એટલે પોતાના ભાવથી તે સત્ છે ને પરભાવથી તે અસત્ છે.

જ્ઞાનમાં રાગાદિ પરભાવ જણાય કે દેહની અવસ્થા જણાય, ત્યાં હું જ રાગ છું ને હું શરીર છું–એમ અજ્ઞાની પોતાને તે પરભાવરૂપ માની લ્યે છે ને સ્વતંત્ર જ્ઞાનભાવપણે પોતાના અસ્તિત્વને તે દેખતો નથી. તેને અનેકાન્ત જીવાડે છે કે હે ભાઈ! તારા જ્ઞાનનું જીવન, એટલે કે જ્ઞાનનું સત્‌પણું તારા જ્ઞાનભાવથી જ છે, પરજ્ઞેયના ભાવથી તારું સત્‌પણું નથી, તેને લીધે તારા જ્ઞાનનું જીવન નથી.

જ્ઞાનમાં રાગ જ્ઞેયપણે જણાય, પણ ત્યાં જ્ઞાન અને રાગ બંને ભિન્ન છે. રાગને જાણનારું જ્ઞાન રાગ સાથે એકમેક થઈ જતું નથી. રાગને જાણતું જ્ઞાન પોતાને જ્ઞાનપણે પ્રસિદ્ધ કરે છે કે ‘હું જ્ઞાન છું’ –પણ પોતાને રાગપણે પ્રસિદ્ધ નથી કરતું કે ‘હું રાગ છું.’ જ્ઞાન પોતાના જ્ઞાનભાવપણે જ પરિણમે છે એટલે જ્ઞાનનું સ્વ–ભાવપણે સત્‌પણું

છે, ને જ્ઞાન પરજ્ઞેયોરૂપે પરિણમતું નથી એટલે જ્ઞાનનું પરભાવપણે અસત્પણું છે. આવું અનેકાન્ત જ્ઞાન તે આત્માનું સ્વરૂપ છે.

મારા જ્ઞાનસ્વભાવમાં અચિંત્ય શક્તિરૂપ જે ભાવ છે તે મારાથી જ સત્ છે; અનંત સુખ અનંત પરમેશ્વરતારૂપ મારો ભાવ તેનાથી મારું જ્ઞાન સત્ છે; ને જે અન્ય પરભાવો તેનાથી જ્ઞાન અસત્ છે એટલે કે જ્ઞાન તે પરભાવોરૂપે થતું નથી. અહો, જ્ઞાનનો પોતાનો સત્ભાવ કેવો છે. ને પરભાવોથી તેને ભિન્નતા કઈ રીતે છે તે અનેકાન્તવડે જ સમજાય છે.

કેવળજ્ઞાનાદિ અચિંત્ય સામર્થ્યથી ભરેલા જ્ઞાયકભાવરૂપ જે નિજભાવ છે તે રૂપે મારું જ્ઞાન સત્ છે; અને વજ્રર્ષભનારાચસંહનન વગેરે જે પુદ્ગલના ભાવ છે તે પરભાવરૂપે મારું જ્ઞાન પરિણમતું નથી એટલે તેનાથી નાસ્તિરૂપ છે; મારું જ્ઞાન પોતે જ આવું અનેકાન્તસ્વરૂપ છે. મારા જ્ઞાનમાં પરભાવો જણાય ભલે, પણ મારું જ્ઞાન કાંઈ તે પરભાવરૂપે પરિણમતું નથી, એનાથી કાંઈ મારું જીવન નથી, એને લીધે જ્ઞાનનું અસ્તિત્વ નથી. જ્ઞાયકભાવરૂપ જે નિજભાવ છે તેનાથી જ મારું જીવન છે, તેમાં જ મારું અસ્તિત્વ છે. જ્ઞાન પોતાના નિજભાવને કદી છોડતું નથી ને પરભાવને ગ્રહતું નથી–આમ અનેકાન્ત વડે સ્વભાવ અને પરભાવની અત્યંત ભિન્નતા જાણીને જ્ઞાની પરભાવોથી ભિન્નપણે અને નિજસ્વભાવથી અભિન્નપણે આત્માને જીવાડે છે–એટલે કે આત્માને આવા સમ્યગ્જ્ઞાનરૂપ પરિણમાવે છે. જ્ઞાનના પરિણમનમાં પરભાવના અંશને પણ તે ભેળવતા નથી; જ્ઞાનરૂપે જ પરિણમતા થકા મોક્ષને સાધે છે.

અહો, આ અનેકાન્ત તે જૈનધર્મનું મૂળ છે ને તેના વડે સંસારનો પાર પમાય છે.

## ૧૩-૧૪ જ્ઞાનસામાન્યરૂપે નિત્યપણું; જ્ઞાનવિશેષરૂપે અનિત્યપણું

ચેતનસ્વભાવનો પિંડ આત્મા, તેમાં જડ શરીરની તો વાત નથી, રાગનો પણ ચેતનભાવમાં પ્રવેશ નથી; હવે જ્ઞાનમાં ને જ્ઞાનમાં બધી રમત છે. ચેતનસ્વરૂપ આત્માને સામાન્યજ્ઞાનરૂપે જોતાં તેને નિત્યપણું છે; અને ક્ષણેક્ષણે પલટતી વિશેષજ્ઞાનપર્યાયરૂપે જોતાં તેને અનિત્યપણું છે. આવા બંને ધર્મો જ્ઞાનમાં સમાય છે–એવું જ્ઞાનનું અનેકાન્ત સ્વરૂપ છે.

જ્ઞાનમાં અનિત્યપર્યાયોને દેખીને ભ્રમથી અજ્ઞાનીને એમ લાગે છે કે ‘અરે,

મારું નિત્યપણું લૂંટાઈ જશે! ’ પણ ભાઈ! અનિત્યરૂપ જ્ઞાનપર્યાયોપણે પરિણમવા છતાં તારા જ્ઞાનનું નિત્યપણું કાંઈ મટી ગયું નથી. નિત્ય ટકવા છતાં તેમાં પરિણમન પણ છે, એ રીતે જ્ઞાનમાં પર્યાયઅપેક્ષાએ અનિત્યપણું હોવું તે કાંઈ દોષ નથી. રાગાદિ ભાવો તે દોષ છે, પણ અનિત્યપણું તો જ્ઞાનનું સ્વરૂપ જ છે. નિત્યપણું અને અનિત્યપણું એ બંને જ્ઞાનમાત્ર ભાવમાં સમાય છે, એવું અનેકાન્તસ્વરૂપ જ્ઞાન છે.

જ્ઞાનની ક્ષણેક્ષણે પલટતી અવસ્થાને જ દેખીને, જ્ઞાનને એકલું ક્ષણિક જ માની લીધું ને નિત્ય ટકતા પોતાના ચૈતન્યજીવનને અજ્ઞાની ભૂલી ગયો; ત્યારે અનેકાન્ત તેને ચૈતન્યનું નિત્યપણું બતાવે છે કે ભાઈ! અવસ્થાઓ પલટતી હોવા છતાં જ્ઞાનતત્ત્વ ધ્રુવપણે નિત્ય ટકનારું છે. પલટે પણ છે અને નિત્ય ટકે પણ છે–એમ બંને સ્વભાવરૂપ જ્ઞાનને અનેકાન્ત પ્રકાશે છે. ધ્રુવ ન માને ને એકલી પર્યાય માને, અથવા પર્યાયથી અનિત્યતા ન માને ને એકલી ધ્રુવતા માને, તો તેને જ્ઞાનતત્ત્વ પ્રાપ્ત થતું નથી. જ્ઞાન તો એકરૂપ જ જોઈએ, તેમાં વળી અનેકપણું શું? અનેક પ્રકારરૂપ ચૈતન્યપરિણમન શું? – એમ કલ્પીને પોતાની ચૈતન્યપરિણતિને જ અજ્ઞાની છોડી દેવા માગે છે, પણ સ્વયમેવ પ્રકાશતું અનેકાન્તમય જ્ઞાનતત્ત્વ, તેને જાણનાર જ્ઞાની તો એમ અનુભવે છે કે નિત્ય ઉદિત એવું મારું જ્ઞાન જ આ ભિન્ન ભિન્ન ચૈતન્યપરિણતિરૂપે પરિણમે છે. આમ પર્યાયને ધ્રુવજ્ઞાનમાં વાળીને તે પોતાના જ્ઞાનને સ્પર્શીને આનંદને અનુભવે છે.

ધ્રુવતાનો નિર્ણય પર્યાયમાં થાય છે. પણ એકલી ક્ષણિક પર્યાયને દેખનારો અજ્ઞાની જ્ઞાનતત્ત્વને અનુભવી શકતો નથી. ધ્રુવસ્વભાવની સન્મુખ થયેલું જ્ઞાન પોતાની નિર્મળ ચૈતન્યપરિણતિમાં ઉલ્લસે છે; તેનાથી આત્મા જુદો નથી. એકાંતવાદી તે ઉલ્લસતી નિર્મળ ચૈતન્યપરિણતિથી જાુદું આત્મતત્ત્વ ઈચ્છે છે; પણ ભાઈ! ચૈતન્યવસ્તુ પોતાની વૃત્તિના પ્રવાહમાં વર્તે છે, તે ચૈતન્યવૃત્તિથી જાુદો તો આત્મા હોતો નથી.

અહા, અનેકાન્તનું રહસ્ય વીતરાગી સંતોએ ખુલ્લું કર્યું છે. એક જ જ્ઞાનતત્ત્વમાં કથંચિત્ નિત્યપણું ને કથંચિત્ અનિત્યપણું સમજાવીને, જ્ઞાનના અનુભવવડે આત્માને આનંદ પમાડે છે.

જ્ઞાનને પર્યાયથી અનિત્યપણું પણ છે; અનિત્યપણું એ કાંઈ મલિનતા નથી, દોષ નથી, ઉપાધિ નથી, પણ જ્ઞાનનું જ તેવું સ્વરૂપ છે કે નિત્ય ટકતું હોવા છતાં ક્ષણેક્ષણે નિર્મળ–ચૈતન્યપરિણામરૂપે પણ તે થાય છે. જ્ઞાનમાં ઉલ્લસતી જે નિર્મળપરિણતિ, તે ઉલ્લસતી ચેતનાપરિણતિ આત્માથી કાંઈ જુદી નથી. એકાંત ધ્રુવની

આશાથી (વેદાંતની જેમ) પોતાની પર્યાયને કોઈ છોડી દેવા માંગે તો તેને જ્ઞાનતત્ત્વ જ અનુભવમાં નહીં આવે. રાગથી તો જુદું જ્ઞાનતત્ત્વ પ્રાપ્ત થાય એટલે કે અનુભવમાં આવે; પણ પર્યાયથી જુદું જ્ઞાનતત્ત્વ અનુભવમાં ન આવે. નિત્ય–અનિત્યપણા સહિત જ્ઞાનતત્ત્વનો અનુભવ કરતાં આનંદ સહિત આત્મા અનુભવાય છે, તેમાં પરભાવનો અભાવ છે પણ પર્યાયનો અભાવ નથી. અહા! આચાર્યભગવાને અનુભવના ઉમળકા આ સમયસારમાં ઊતારીને ભવ્યજીવો ઉપર મહાન કરુણા કરી છે.

ભગવાન મહાવીર મોક્ષ પધાર્યા.....ત્યારે દેવોએ મોટો મહોત્સવ કર્યો હતો; એને તો ૨૪૯૬ વર્ષ થયા ને આજે (આસોવદ અમાસે) ૨૪૯૭ મું વર્ષ બેઠું, ત્રણવર્ષ પછી અઢી હજારમું વર્ષ બેસશે ને ભારતમાં તેનો મોટો ઉત્સવ ઉજવાશે. તે ભગવાન મહાવીરે મોક્ષ જતા પહેલાં અરિહંતપદેથી આવા અનેકાન્તતત્ત્વનો ઉપદેશ આપ્યો હતો. જ્ઞાનસ્વરૂપ આત્માનું સત્ય સ્વરૂપ બતાવીને ભગવાને જગતના જીવોને સાચું જીવન આપ્યું; કેમકે અજ્ઞાનથી પોતાના આત્માની નાસ્તિકતા હતી–આત્માનો અનુભવ ન હતો, એટલે ભાવમરણ હતું, તેને બદલે અનેકાન્તવડે આત્માનું સાચું સ્વરૂપ સમજતાં આત્માના આનંદના અનુભવરૂપ જીવન પ્રગટે છે. આ રીતે અનેકાન્તદ્વારા જ્ઞાનસ્વરૂપ સમજાવીને ભગવાન મહાવીરે જીવોને ભાવમરણથી છોડાવ્યા ને ચૈતન્યનું સાચું જીવન આપ્યું.

–એવા મહાવીર ભગવાનના મોક્ષનો આજે દિવસ છે. ભગવાનની ૐ વાણી ત્રણલોકમાં જયવંત છે; અહો! જિનવાણી ધન્ય છે કે જેણે જગતને આત્માનું સ્વરૂપ સમજાવ્યું:–

**ધન્ય દિવ્યવાણી ૐકારને રે......**

**જેણે પ્રગટ કર્યો આત્મદેવ......**

**જિનવાણી જયવંત ત્રણલોકમાં રે......**

અનેકાન્તમય આત્મતત્ત્વને જિનવાણીએ પ્રકાશિત કર્યો છે; આવું અલૌકિક વસ્તુસ્વરૂપ બીજું કોઈ સમજાવી શકે નહીં. કોઈએ ધ્રુવને છોડયું, તો કોઈએ પર્યાયને છોડી, ઉત્પાદ–વ્યય–ધ્રુવરૂપ તત્ત્વ સમયેસમયે પોતાથી પરિપૂર્ણ વર્તી રહ્યું છે–તે તો અનેકાન્તમય જિનવાણી જ પ્રકાશે છે. ભાઈ! તારા જ્ઞાનમાં ઉત્પાદ–વ્યયરૂપ પર્યાય તે કાંઈ ભ્રમ નથી; ઉત્પાદ–વ્યય તો મોક્ષમાં સિદ્ધભગવાનનેય થાય છે, તેમને રાગદ્વેષ નથી પણ નવીનવી આનંદપર્યાય તો થાય જ છે, પોતાની અવસ્થાથી જુદી

વસ્તુ નથી. ભાઈ, ધ્રુવપણું પણ તું પર્યાય વગર શેનાથી જાણીશ? ધ્રુવનેય જાણે છે તો પર્યાય; તે પર્યાયની જ નાસ્તિ માનીશ તો ધ્રુવનો પણ સાચો સ્વીકાર થશે નહીં. આત્મા દ્રવ્યે નિત્ય છે, પર્યાયે પલટાય, –એમ ધર્મીજીવ નિત્ય–અનિત્યસ્વરૂપ આત્માને અનુભવમાં લ્યે છે. આ રીતે અનેકાન્તવડે જ જ્ઞાનમય આત્મતત્ત્વ સિદ્ધ થાય છે એટલે કે અનુભવમાં આવે છે; જ્ઞાનવડે સ્વયમેવ આવો આત્મા અનુભવમાં આવે છે. જ્ઞાનસ્વરૂપ આત્મા પોતે પોતાના અનુભવમાં આવે છે. અનેકાન્ત વડે આચાર્ય ભગવાને તેવું સ્વરૂપ પ્રસિદ્ધ કરીને આનંદમય આત્માનો અનુભવ કરાવ્યો છે. આવા અનુભવમાં અનંત શક્તિની નિર્મળપર્યાયોસહિત ભગવાન આત્મા ઉલ્લસે છે. એ જ સાચું આત્મજીવન છે.

जय जिनेन्द्र..... जय अनेकान्त

*****

# નથી કાર્ય-કારણ અન્યનું.....એવો જ આત્મસ્વભાવ છે

**પોતાની સ્વકીય તાકાતથી જ પોતાના કાર્ય-કારણરૂપે થનાર આત્માના કારણ-કાર્યને જેણે જાણ્યા તેણે જિનશાસનને જાણ્યું**

આત્મામાં એક જ્ઞાનશક્તિ, એવી અનંતશક્તિ; તેનું પરિણમન સંસારી જીવને અનાદિથી સમ્યક્ ન હતું; તે સમ્યક્પરિણમન કેમ થાય? તેની આ વાત છે.

પ્રથમ તો, આત્મા તરફ વળીને આત્માના સ્વભાવને લક્ષમાં લ્યે ત્યારે જ જ્ઞાનનું પરિણમન સમ્યક્ થાય છે. એ સિવાય બીજા કોઈના લક્ષથી, કે વિકલ્પથી જ્ઞાનનું સમ્યક્ પરિણમન થતું નથી. એટલે જ્ઞાનના પરિણમનમાં અન્ય કોઈ કારણ નથી.

–આવું જ્ઞાન કેમ થાય?

ઉપદેશમાં એમ કહેવાય કે સત્સમાગમે શ્રવણ–મનનથી આવું જ્ઞાન થાય. –પણ એ તો જ્ઞાનમાં વચ્ચે એવો વ્યવહાર આવી જાય છે તેની વાત છે. કાંઈ શ્રવણના શબ્દોના લક્ષે, કે તે સંબંધી વિકલ્પના લક્ષે જ્ઞાન થતું નથી, જ્ઞાન તો તે બંનેથી પાર, એકલા સ્વદ્રવ્યને જ અવલંબનારું છે. અભવ્યજીવો અન્ય કારણ વડે જ્ઞાન માને છે, તેને જ્ઞાનપરિણતિ કદી થતી નથી; તેમ કોઈ પણ જીવને પરતરફના લક્ષવાળું

જ્ઞાન કે વિકલ્પ તે આત્માના જ્ઞાનનું કારણ થતું નથી. જ્ઞાન પોતે અન્ય કારણોથી નિરપેક્ષ છે.

સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ મોક્ષમાર્ગ, તે આત્મપરિણામ છે, તે અન્યથી નિરપેક્ષ છે. એમ આત્માના અનંતગુણો છે તે બધાય અન્યથી નિરપેક્ષ છે. અન્યથી તો નિરપેક્ષ છે, રાગથી પણ નિરપેક્ષ છે; ને શ્રદ્ધા–જ્ઞાનાદિનું એકસાથે કાર્ય થાય છે. તેમાં પણ તેઓ એકબીજાનાં કારણ નથી. જ્ઞાનગુણથી આત્મા સ્વયં જ્ઞાનપરિણતિરૂપ પરિણમ્યો છે, ને શ્રદ્ધાગુણથી આત્મા સ્વયં સમ્યગ્દર્શન–પરિણતિરૂપ પરિણમ્યો છે. રાગાદિ વ્યવહાર હો, શ્રવણ હો, પણ તે કાંઈ જ્ઞાનનું કારણ નથી, શ્રદ્ધાનું કારણ નથી; કોઈ બીજાની અપેક્ષા રાખ્યા વગર જ્ઞાનપરિણતિ અંતરમાં આત્માને અનુભવમાં લ્યે ત્યારે જ જ્ઞાનાદિ સાચાં થાય છે; કોઈ ગુણની પરિણતિ બીજા કારણની અપેક્ષા રાખતી નથી. બસ, તું અનંતગુણસંપન્ન પોતાના આત્માની જ સામે જો. તે જ પોતાની તાકાતથી કારણ–કાર્યરૂપ થઈને નિર્મળપર્યાયપણે ઉલ્લસશે, એટલે કે પરિણમશે.

તેથી કહે છે કે જેણે આત્માના કારણ–કાર્યને જાણ્યા તેણે સમસ્ત જિનશાસનને જાણ્યું.

## સાચું સુખ

જીવ સુખ ચાહે છે.....પણ તે રાગમાં ને સંયોગમાં સુખને શોધે છે. ભાઈ, સુખ તો રાગમાં હોય? –કે વીતરાગતામાં? વીતરાગતા તે જ સુખ છે, તેને જીવે કદી જાણ્યું નથી. જેણે રાગમાં અને પુણ્યમાં સુખ માન્યું તેને મોક્ષની શ્રદ્ધા નથી. મોક્ષ તો અતીન્દ્રિય જ્ઞાનમય છે, રાગમય નથી. અરિહંત અને સિદ્ધ ભગવંતોના સુખને ધર્મી જીવો જ જાણે છે. સ્વપરના ભેદજ્ઞાનપૂર્વક વીતરાગ વિજ્ઞાન વડે જ તે સુખ અનુભવાય છે.

# અમદાવાદમાં આત્માશ્રિત મોક્ષમાર્ગનું વર્ણન

સોનગઢથી મંગલપ્રસ્થાન કરીને કારતક વદ આઠમના રોજ પૂ. શ્રી કાનજીસ્વામી અમદાવાદ શહેર પધાર્યા.....જિનમંદિરમાં આદિનાથ ભગવાનના દર્શન કરીને, પછી સ્વાગત બાદ મંગલ પ્રવચનમાં આત્માની જીવત્વશક્તિને યાદ કરીને કહ્યું કે જ્ઞાનાનંદસ્વરૂપ આત્માની સન્મુખ થઈને જે રાગથી ભિન્ન નિર્મળ જ્ઞાન-આનંદમય દશા પ્રગટે તે માંગલિક છે અને તે જ આત્માનું સાચું જીવન છે. પાંચ દિવસ સુધી પ્રવચનમાં સમયસારની ગા. ૨૭૨ થી ૨૭૫ વંચાણી હતી, અને ઘણા જિજ્ઞાસુઓ લાભ લેતા હતા. પ્રવચનમાંથી કેટલોક સાર અહીં આપ્યો છે.

ભગવાન આત્મા દેહથી ભિન્ન જ્ઞાનાનંદસ્વરૂપ વસ્તુ છે; તે પોતાને ભૂલીને પોતાના સિવાય કોઈ પણ બીજા પદાર્થના આશ્રયે સુખ થવાનું માને, તો તેમાં મિથ્યાત્વનું સેવન થાય છે. આચાર્યદેવ સમજાવે છે કે હે ભાઈ! તારો સ્વભાવ તારાથી પરિપૂર્ણ છે, તારા જ આશ્રયે તારી મુક્તિ થાય છે; કોઈ બીજાનો આશ્રય કરવા જતાં તો અશુભ કે શુભરાગથી બંધન અને દુઃખ જ થાય છે; મુક્તિનો માર્ગ પરના આશ્રયે નથી, મુક્તિ સ્વદ્રવ્યને આશ્રિત છે.

તું જીવ છો! તો તારું જીવપણું કેવું છે? તારું જીવન કેવું છે? તેની આ વાત છે. તું પોતે અતીન્દ્રિય આનંદરસનું પૂર છો. શરીર તો જડ છે, ને અંદરના પુણ્ય-પાપના રાગભાવો પણ અશુચી છે, તેમાં ચૈતન્યનો આનંદ નથી. તે પરાશ્રિત ભાવો મુક્તિનું કારણ થઈ શકતા નથી; મુક્તિનો માર્ગ ચૈતન્યમય સ્વદ્રવ્યને આશ્રિત છે. શુદ્ધ આત્માને જેઓ ઓળખતા નથી, તેની સન્મુખ થઈને સાચાં શ્રદ્ધા-જ્ઞાન ચારિત્ર પ્રગટ કરતા નથી, અને પરાશ્રિત શુભભાવરૂપ વ્યવહાર શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રને મોક્ષનું કારણ સમજીને સેવે છે તે મિથ્યાદ્રષ્ટિ છે. ભાઈ! તું સ્વ-

દ્રવ્યને જાણીને તેનો આશ્રય કર. તો જ મોક્ષમાર્ગ પ્રગટે. સ્વદ્રવ્ય અને પરદ્રવ્યની ભિન્નતાને ઓળખીને સ્વદ્રવ્યના આશ્રયથી જ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ મોક્ષમાર્ગ પ્રગટે છે.

જુઓ, આવી વાત શ્રીમદ્ રાજચંદ્રજીએ નાની ઉમરમાં (સત્તર વર્ષની વય પહેલાં) પણ લખી છે. સાત વર્ષની ઉમરે તો તેમને જાતિસ્મરણમાં પૂર્વભવનું જ્ઞાન થયું હતું, આપણે ત્યાં રાજુલબેનને પણ અઢી વર્ષની વયે પૂર્વ ભવમાં જુનાગઢમાં ગીતા હતી તેનું જાતિસ્મરણજ્ઞાન થયું છે. એથી પણ વિશેષ ચારભવનું જ્ઞાન સોનગઢમાં ચંપાબેનને છે; એમની વાત ઊંડી છે. આત્માની અપાર તાકાત છે, તેને ઓળખીને તેમાં રમણતા કરતાં અપૂર્વ આનંદ અનુભવાય છે. શ્રીમદ્ રાજચંદ્રજીએ ૧૭ વર્ષની વય પહેલાં જે ૧૨૫ બોધવચનો લખ્યાં છે, તેમાં સ્વદ્રવ્યનો આશ્રય કરવાના ને પરદ્રવ્યનો આશ્રય છોડવાના દશબોલ બહુ સરસ છે.

નિશ્ચયનો આશ્રય કરો ને વ્યવહારનો આશ્રય છોડો-આવો જે સમયસારનો આશય છે તે આશય શ્રીમદ્ રાજચંદ્રએ તે નીચેના દશ બોલમાં બતાવ્યો છે. તેમાં પ્રથમ તો કહે છે કે-

‘સ્વદ્રવ્ય અને અન્યદ્રવ્યને ભિન્ન ભિન્ન જુઓ’

એ પ્રમાણે બંનેને ભિન્ન જાણીને શું કરવું? તે માટે દશ બોલમાં સરસ ખુલાસો લખ્યો છે:-

* સ્વદ્રવ્યના રક્ષક ત્વરાથી થાઓ.
* સ્વદ્રવ્યના વ્યાપક ત્વરાથી થાઓ.
* સ્વદ્રવ્યના ધારક ત્વરાથી થાઓ.
* સ્વદ્રવ્યના રમક ત્વરાથી થાઓ.
* સ્વદ્રવ્યના ગ્રાહક ત્વરાથી થાઓ.
* સ્વદ્રવ્યની રક્ષકતા ઉપર લક્ષ રાખો.

એટલે કે નિશ્ચયનો આશ્રય કરો.....ત્વરાથી કરો......પછી કરશું એમ

વિલંબ ન કરો, પણ ત્વરાથી સ્વદ્રવ્યને ઓળખીને તેનો આશ્રય કરો. તેની રક્ષા કરો ને તેમાં વ્યાપક બનો; પણ રાગના રક્ષક ન બનો, રાગમાં વ્યાપક ન બનો. પહેલાં કાંઈક બીજું કરી લઈએ ને પછી આત્માની ઓળખાણ કરશું- એમ કહે તેને આત્માની રુચિ નથી. આત્માની રક્ષા કરતાં તેને આવડતી નથી. શ્રીમદ્‌રાજચંદ્રજી નાની વયમાં પણ કેટલું સરસ કહે છે? જુઓ તો ખરા! તેઓ કહે છે કે હે જીવો! તમે ત્વરાથી સ્વદ્રવ્યના રક્ષક બનો...તીવ્ર જિજ્ઞાસા વડે સ્વદ્રવ્યને જાણીને તેના રક્ષક બનો, તેમાં વ્યાપક બનો, તેના ધારક બનો- જ્ઞાનમાં તેની ધારણા કરો; તેમાં રમણ કરનારા બનો, તેના ગ્રાહક બનો; આમ સર્વપ્રકારે સ્વદ્રવ્ય ઉપર લક્ષ રાખીને તેની રક્ષા કરો. આ રીતે નિશ્ચયનું ગ્રહણ કરવાનું કહ્યું. હવે બીજા ચાર વાક્યમાં વ્યવહારનો ને પરનો આશ્રય છોડવાનું કહે છે-

* પરદ્રવ્યની ધારકતા ત્વરાથી તજો.
* પરદ્રવ્યની રમરણતા ત્વરાથી તજો.
* પરદ્રવ્યની ગ્રાહકતા ત્વરાથી તજો.
* પરભવથી વિરકત થા.

વિકલ્પથી-શુભરાગથી આત્માને કાંઈ લાભ થશે-એવી માન્યતા છોડો; પરદ્રવ્યાશ્રિત જેટલા ભાવો છે તે ભાવો આત્મામાં ધારણ કરવા જેવા નથી, તેની ધારકતા ત્વરાથી છોડવા જેવી છે. લોકો કહે છે કે વ્યવહાર છોડવાનું હમણાં ન કહો. -અહીં તો કહે છે કે તેને ત્વરાથી તજો. જેટલા પરદ્રવ્યાશ્રિત ભાવો છે તે બધા શીઘ્ર છોડવા જેવા છે. -એમ લક્ષમાં તો લ્યો.

હે જીવ! અંતરમાં આનંદનો સાગર તારો આત્મા કેવો છે તેને શોધ. સ્વદ્રવ્યને છોડીને પરદ્રવ્યમાં રમવું-તે તને શોભતું નથી, તેમાં તારું હિત નથી. અંતર્મુખ થઈને સ્વદ્રવ્યમાં રમણ કર......તેમાં તારું હિત ને શોભા છે. તે જ મોક્ષનો માર્ગ છે.

## વિવિધ સમાચાર ( અમદાવાદ તા. ૨૫-૧૧-૭૦ )

* ગુજરાતના ભાઈઓની વિનતિથી પૂ. શ્રી કાનજીસ્વામી કારતક વદ આઠમ (તા. ૨૧–૧૧–૭૦) ના રોજ સોનગઢથી મંગલ પ્રસ્થાન કરીને ગુજરાત તરફ પધાર્યા છે. કાર્યક્રમ આ પ્રમાણે છે–અમદાવાદ (તા. ૨૧ થી ૨૫) હિંમતનગર તા. ૨૬–૨૭; રણાસણ તા. ૨૮–૨૯; ફતેપુર તા. ૩૦ થી ૭ ડિસેમ્બર સુધી આઠ દિવસ, તેમાં છેલ્લે દિવસે તા. ૭–૧૨–૭૦ માગશર સુદ ૯ ને સોમવારે સીમંધરસ્વામીના સમવસરણ મંદિર વગેરેના નવનિર્માણ માટેનું શિલાન્યાસ–મુહૂર્ત છે. ત્યારબાદ સાબલી મુકામે તા. ૮ તથા ૯; ત્યાં સ્વાધ્યાયમંદિરનું ઉદ્ઘાટન થવાનું છે. ત્યાંથી પાછા ફરતાં વચ્ચે અમદાવાદ મુકામે તા. ૧૦ અને પુનઃ સોનગઢ પ્રવેશ તા. ૧૧ શુક્રવારે.

* ત્યારબાદ, માહ સુદ ૯–૧૦ ગુરુ–શુક્રવાર તા. ૪–૫ ફેબ્રુઆરી ૧૯૭૧ બે દિવસ માટે પૂ. ગુરુદેવ ગઢડામુકામે પધારશે, અને ત્યાં માહ સુદ દસમ ને શુક્રવારે દિ. જિનમંદિરનું શિલાન્યાસ થશે. ત્યાંથી બોટાદ વગેરે પધારશે.

* વૈશાખ સુદ બીજની જન્મજયંતી માટે આ વખતે પોરબંદરની વિનતિ આવેલ, તેથી વૈશાખ સુદ બીજ પોરબંદરમાં ઉજવવાનું નક્કી થયું છે. પૂ. ગુરુદેવ ચૈત્ર વદમાં જેતપુર થઈને પોરબંદર પધારશે. પછી બે દિવસ ગોંડલ થઈને વૈશાખ સુદ પાંચમથી વદ ચોથ (સોળ દિવસ) સુધી રાજકોટ પધારશે. અને ત્યાંથી વૈશાખ વદ પાંચમે જયપુર શહેર પધારશે. આ માટે જયપુર જૈનસમાજ તરફથી વિનતિ કરવા શેઠશ્રી પૂરણચંદજી ગોદિકા વગેરે ભાઈઓ સોનગઢ આવ્યા હતા. અને જયપુરમાં ગુરુદેવની મંગલ છાયામાં તા. ૧૫–૫–૭૧ થી તા. ૩–૬–૭૧ સુધીના ૨૦ દિવસ શિક્ષણશિબિરનું વિશેષ આયોજન રાખવામાં આવ્યું છે. કાર્યક્રમોની વિગતવાર માહિતી હવે પછી પ્રગટ થશે.

* ઉદેપુરના કુણગામે જૈન પાઠશાળા ખોલવામાં આવેલ છે, તેમાં ૬૦ જેટલા બાળકો ઉત્સાહથી અભ્યાસ કરે છે. –ધન્યવાદ!

* મધ્યપ્રદેશનું મુમુક્ષુમંડળ જૈનધર્મના વિશેષ પ્રચાર માટે ઉત્સાહપૂર્વક પ્રયત્નશીલ છે. ધાર્મિક સાહિત્યની સ્વાધ્યાય વધે, વીતરાગી તત્ત્વજ્ઞાનનો પ્રચાર થાય તેમજ જિનવર દેવના દર્શન–પૂજનાદિ વડે ધાર્મિકભાવના પુષ્ટ થાય તે માટે સમાજમાં સારી જાગૃતિ આવેલ છે. –ધન્યવાદ!

* **વૈરાગ્ય સમાચાર:** શ્રી પૂર્ણસાગરજી મહારાજ–જેઓ ચાતુર્માસ સોનગઢમાં રહ્યા હતા, ને પ્રવચન–સ્વાધ્યાયાદિમાં ઉત્સાહથી ભાગ લેતા હતા; તેઓ દિવાળી પછી રતલામ ગયેલા; ત્યાંના જિનમંદિરમાં બપોરે પડી ગયેલા અને ગંભીર ચોટ લાગી; તેથી તા. ૮–૧૧–૭૦ ના રોજ રતલામ મુકામે સ્વર્ગવાસ પામી ગયા છે. તેઓ ભદ્રિક હતા, ને સોનગઢ પ્રત્યે ખૂબ પ્રેમ ધરાવતા હતા. વીતરાગ માર્ગના સંસ્કારમાં આગળ વધીને તેઓ આત્મહિત પામો.

* સાયલા–મારવાડના રહીશ ભાઈશ્રી ખુશાલચંદજી ભંડારી કારતક સુદ પૂનમે સ્વર્ગવાસ પામ્યા છે. છેલ્લા કેટલાક માસથી સોનગઢ રહીને તેઓ લાભ લેતા હતા; કાર્તિકી પૂનમે તેઓ શત્રુંજય સિદ્ધક્ષેત્રની યાત્રા કરવા પાલીતાણા ગયેલા ને ત્યાં પહાડ ઉપર ચડતાં ચડતા વચ્ચે હાર્ટફેઈલથી સ્વર્ગવાસ પામી ગયા. વીતરાગી દેવ–ગુરુ–ધર્મના શરણે તેઓ આત્મહિત પામો.

* દાદર અને ઘાટકોપર મુકામે જૈનપાઠશાળામાં બાળકો ઉત્સાહથી ભાગ લ્યે છે. દાદર પાઠશાળાના બાળકોએ દિવાળી પ્રસંગે મહાવીરપ્રભુના જીવનને યાદ કરીને ઉત્તમ ભાવનાઓ ભાવી હતી. ઘાટકોપર પાઠશાળાના બાળકોએ ‘મહારાણી ચેલણા’ ના નાટક દ્વારા જૈનધર્મનો ઉત્તમ મહિમા પ્રસિદ્ધ કર્યો હતો. પાઠશાળામાં ૭૫ જેટલા બાળકો ભાગ લ્યે છે. –ધન્યવાદ!

* પાથર્ડી ( અહમદનગર ) થી વિદ્વાન ભાઈ લખે છે કે–જૈનબાલપોથી ભાગ ૨ પઢા; બહુત હી અચ્છા હૈ; યહાં પાઠશાલાકે વિદ્યાર્થીઓંકે લિયે ભાગ ૧–૨ કી જરૂરત હૈઃ સાહિત્ય પ્રચાર અચ્છી તરહ હોગા! દૂસરી પુસ્તકેં ભી ભેજનેકી કૃપા કરેં!

( જૈન વિદ્યાલય )

* पं महेन्द्रकुमार जैन ‘विशारद’ परसाद [ उदयपुर ] ’ થી જૈનબાળપોથી ભાગ ૨ સંબંધમાં લખે છે કે– ‘આપ મહાનુભાવ ઈસ કલિકાલમેં ઈસ પ્રકાર સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રકા સવિસ્તારસે માર્ગદર્શન કરાતે હૈં –धन्यवाद! ’

* આપણી સંસ્થાના જુના મેનેજર શ્રી ચંદુભાઈ બાવીસી વલસાડથી લખે છે કે ‘આત્મધર્મ’ નિયમિત વાંચું છું, દશ દિવસ બરાબર ચિંતન ચાલે છે, ને કર્મભૂમિમાંથી યોગભૂમિમાં જવા જેવું લાગે છે. આત્મધર્મ વાંચતી વખતે તો પૂ. ગુરુદેવશ્રીના મુખના હાવભાવ, સિંહગર્જના સમી વાણી વગેરે આંખ સામે તરવર્યા જ કરે છે. ’

# સ્વભાવમાં નિયતરૂપ વીતરાગી મોક્ષમાર્ગ

*****

## મોક્ષને માટે વીતરાગચારિત્રને ભાવવું, રાગને નહીં

શુભ કે અશુભ રાગરૂપ જે પરચારિત્ર છે તે બંધનું જ કારણ છે, એટલે તે બંધમાર્ગ જ છે, મોક્ષમાર્ગ નથી–એમ ભગવાન જિનેન્દ્રદેવે કહ્યું છે.

–તે બંધમાર્ગથી કેમ છૂટાય ?

–તો કહે છે કે, કોઈ પણ પ્રકારે સમ્યગ્જ્ઞાન–જ્યોતિ પ્રગટ કરીને જીવે પરસમયને છોડવો ને સ્વસમયને ગ્રહણ કરવો. તેનાથી કર્મબંધન છૂટે છે. સમ્યગ્દર્શનમાં પણ રાગ વગરના સ્વસમયનું ગ્રહણ છે ને રાગરૂપ પરસમયનો ત્યાગ છે.

જીવસ્વભાવ જ્ઞાનદર્શનમય છે; તે સ્વભાવમાં નિયત ચારિત્ર તે મોક્ષમાર્ગ છે. સમ્યગ્દર્શન પણ જીવસ્વભાવમાં નિયત છે, સમ્યગ્જ્ઞાન પણ જીવ સ્વભાવમાં નિયત છે, સમ્યક્ચારિત્ર પણ જીવસ્વભાવમાં નિયત છે. આ રીતે સ્વભાવમાં તન્માત્રપણે વર્તવું તે ચારિત્ર છે. વીતરાગતામાં વર્તવું તે ચારિત્ર છે અને અશુભ કે શુભ રાગમાં વર્તવું તે ચારિત્રથી ભ્રષ્ટપણું છે. મોક્ષના કારણરૂપ ચારિત્ર તે શુભરાગથી ભિન્ન છે. લોકો શુભરાગને ચારિત્ર અને મોક્ષમાર્ગ માની રહ્યા છે તે અનાદિની ભ્રમણા છે. સમ્યગ્દ્રષ્ટિને કે મુનિને પણ જે શુભરાગ છે તે કાંઈ મોક્ષના કારણરૂપ ચારિત્ર નથી, તે તો આસ્રવના કારણરૂપ પરચારિત્ર છે; એટલે તે બંધમાર્ગ જ છે, મોક્ષમાર્ગ નથી–એમ જિનભગવાને કહ્યું છે.

બંધનું જે કારણ છે તે મોક્ષનું કારણ કદી ન હોય. શુભરાગને બંધનું કારણ કહેવું ને તેને વળી મોક્ષમાર્ગ માનવો એ વાત પરસ્પર વિરુદ્ધ છે. તેને ઉપચારથી મોક્ષમાર્ગ કહ્યો હોય તો તે ખરેખર મોક્ષમાર્ગ નથી એમ જાણવું.

અરેરે, મોક્ષના કારણરૂપ શુદ્ધ વીતરાગચારિત્રને જાણ્યા વગર, રાગને મોક્ષનું સાધન માનીને અનંતકાળ અત્યારસુધી મિથ્યાત્વ અને રાગાદિમાં જ લીનપણે વીત્યો,.....હવે તો સ્વભાવમાં નિયત એવા વીતરાગચારિત્રની જ નિરંતર ભાવના કરવા જેવી છે.

# બે ભગવાન





પાવન કરી શ્રાવત્સી નગરી
ગોદ-સુષેણા શોભાવી,
કાર્તિક પૂનમે જન્મ થયો ને
લીધા હરિએ વધાવી.
વીખરાતા વાદળને દેખી
વેગે ચાલ્યા વનમાં,
આસો વદની ચોથે પ્રભુજી
પંચમ જ્ઞાનને પામ્યા.
સો ઉપર પાંચ ગણધર સેવે
એવા શ્રી અરિહંતા,
ચૈતર સુદ છઠ્ઠ સમ્મેદ પરથી
સિદ્ધ થયા ભગવંતા,
ત્રીજા પ્રભુ આપે ત્રણ-રત્નો
લક્ષણ જેનું ઘોડો
સ્યાદ્વાદ પર સ્વારી કરીને
જિન-મારગમાં દોડો.

પિતા સ્વયંવર માત સિદ્ધાર્થા,
એનાં ઉત્તમ નંદન,
ભક્તિભાવથી સમકિત-હેતુ
હરિ કરે અભિનંદન
નભમાં નષ્ટ થતો એક સુંદર
મહેલ દેખ્યો જ્યારે,
રત્નત્રય લઈ મુનિ થયા 'તા
વૈરાગી પ્રભુ ત્યારે.
પોષ શુક્લ ચતુર્દશે પ્રગટયું,
કેવળ આનંદકારી,
સમવસરણમાં શોભે સાથે
કેવળી સોળ હજારી.
સમ્મેદશિખરથી મોક્ષ પધાર્યા,
વાનર-લંછન ધારી;
ભજતાં એને મોક્ષ મળે છે.
મહિમા એનો ભારી.

પ્રકાશક : શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ ( સૌરાષ્ટ્ર )
મુદ્રક : મગનલાલ જૈન, અજિત મુદ્રણાલય : સોનગઢ ( સૌરાષ્ટ્ર ) પ્રત : ૨૮૦૦